# રવિસાગરજીનું ચરિત્ર

અને

# શોક વિનાશક ગ્રંથ.

महाराजा श्री

# रविसागरजीनुं चरित्र.

योजक तथा प्रवर्त्तक,

## मुनि बुद्धिसागरजी.

अमदावाद

श्री जैन प्रिन्टिंग प्रेस.

# प्रस्तावना.

श्री रविसागरजी चरित्र—तेमना भक्त श्रावक लोकोने आनंदकारी थशे एवुं समजी परिश्रम लेइ तैयार करवामां आव्युं छे. तेमने जे जे ठेकाणे चोमासां करेलां त्यां त्यां कागळ लखी हकीकत मंगावी छे. तेथी कोइ कोइ वातमां फेरफार थयो होय ते स्वाभावीक छे तोपण बनता प्रयत्ने घणुं ध्यान आप्युं छे. कोइ कोइ वातमां फेरफार कोइने भासतो होय तेमने सुधारी वांचवुं. आ महात्मा पुरुषे पृथ्वी तळमां विहार करी घणा भव्यजीवोने धर्म मार्गमां दोर्या छे. माटे तेमनो उपगार तेमनुं चरित्र वांची याद आवे. तथा आ महात्मा पुरुषे चारित्र जेम पाळी

पुरुषार्थ सफळ कर्युं. तेम बीजाओ पण करे. एवा हेतुथी आ चारित्र रच्युं छे. वीतराग आज्ञा विरुद्ध मति दोषथी जे कंइ भूल थइ होय. तेनो मिच्छामि दुक्कडं दउछुं. **इति श्री शांति. शांति. शांति. शांति.**



तपगच्छशाखाय

ॐ

संखेश्वर पार्श्वनाथायनमः

महात्माश्री

# रविसागरजी चरित्र.

दुहा.

श्री संखेश्वर पार्श्वनाथ, प्रेमे प्रणमी पाय;
रविसागर गुरु रायनुं चरित्र कहुं सुखदाय. १

आ प्रख्यात महात्मा पुरुषनो जन्म संवत १८७६ नी सालमां मारवाड देशना पाली शेहेरमां थयो हतो. तेमना संसारीपणाना पीताजीनुं नाम रवाजी अने माताजीनुं नाम माणकोर हतुं. ज्ञाते वीशा ओशवाळ वाणीया हता.

सदरहु सुश्रावीका माणकोरनी कुखेथी भव्य जीवोने तारवाने माटे आ महात्मा पुरुषे जन्म लीधो. तेमनुं संसारीपणानुं नाम रवचंदजी हतुं माता पीताने आनंद करावता अने कालुं कालुं बोलता दीवसे दीवसे वधवा लाग्या. आठ वर्ष लगभग थयां त्यारे निशाळमां भणवा मुक्या. बुद्धि अनुसारे संसारी विद्या भणी गणी हुशीयार थया. जुवान ज्यारे थया त्यारे

पोताना मातापीताओनी साथे अमदावाद वेपार करवा सारु आव्या. बुद्धि अनुसारे पोते वेपार करता हता अने आजीवीका चलावता हता.

## सद्गुरु मेळाप.

खचंदजी संतोषथी आजीवीका चलावता हता अने धर्म साधन करता हता. पूर्व पुण्ययोगे तेमने वैरागी त्यागी श्रीमन् नेमसागरजी महाराजनो मेळाप थयो. श्रीनेमसागरजी कोण हता. अने तेमना गुरुनुं नाम शुं हतुं ते हकीकत कहुंछुं.

## सागर शाखा.

श्री चोवीसमा तीर्थंकर श्री महावीर स्वामीनी पाट परंपर अठावनमी पाटपर श्री हीरविजयसूरि प्रख्यात अकबर बादशाह प्रतिबोधक थया. तेमना

शिष्य उपाध्याय श्री सहेजसागरजी थया. तेमना शिष्य उपाध्याय श्री जगसागरजी थया. तेमना शिष्य मानसागरगणि थया. तेमना शिष्य जीनसागरगणि थया. तेमने वीसनगरना श्रावक, मंगळदासने दीक्षा आपी **मयगलसागरजी** नाम आप्युं मयगलसागगरजी विहार करतां करतां नागपुर तरफ पधार्या. त्यां अमदावादना श्रावक प्रेमचंदभाइ व्यापार करवा आव्या हता तेमने उपदेश देइ दीक्षा आपी. **पद्मसागरजी** नाम आप्युं. **मयगलसागरजी** तथा **पद्मसागरजी** बंन्ने विद्वान् हता. पद्मसागरजीए संग्रामगढना रहेवाशी श्रावकने दीक्षा आपी. **सुज्ञानसागरजी** नाम आप्युं. नागोरना श्रावकने दीक्षा आपी **सरुपसागरजी** नामना बीजा शिष्य कर्या.

सरुपसागरजीने साथे लेइ पद्मसागरजीए मारवाडमां विहार कर्यो.

संवत १८१७ वैशाख शुदि १० दशमना दीवसे **श्री अजितनाथजीनी** अंजन शलाका उदेपुरना संघे सुज्ञानसागरजीना हाथे करावी. संवत १८१९ ना माह शुदी ५ ना उदेपुरमां **श्रीपद्मनाभ** महाराजनी प्रतिष्ठा श्री सुज्ञानसागरजीए करावी. प्रतिष्ठा करावी ए शब्दथी एम समजवुं के मुनिराजने योग्य प्रतिष्ठा संबंधी केटलीक क्रियाओ छे ते करावी तेम समजवुं कहेवाय छे के अमुक सूरिए अमुक बिंबनी प्रतिष्ठा करावी तेम समजवुं. सुज्ञानसागरजीए संग्राम गढथी जीर्णग्रंथो मंगावी उदेपुरना ज्ञान भंडारनी वृद्धि करी. पाटणना श्रावकने

दीक्षा आपी **भावसागरजी** नाम आप्युं. उदेपुरनी श्रावीकाने दीक्षा आपी **मयणश्री** नाम आप्युं. संवत १८२९ ना अशाड शुदि ११ अगीयारसना रोज रोज मेरता गाममां पद्मसागरजीए स्वर्ग गमन कर्युं.

श्री पद्मसागरजीना बीजा शिष्य **श्रीसरुपसागरजीए** हरशोळ गामना श्रावकने दीक्षा देइ **नायासागरजी** नाम आप्युं. अने मारवाडमां प्रतिबोध देता गामोगाम विहार करवा लाग्या. **श्रीसरुपसागरजी** संवत १८६६ ना पोश शुदी २ बीजना रोज श्री पाली शहेरमां काळ धर्म पाम्या. तेमना शिष्य श्री नाणसागरजी विहार करता भव्य जीवोने उपदेश देता. संजम मार्ग दीपावता गुजरात तरफ पधार्या. श्री नाणसागरजीए दमणना रेहवाशी श्राव-

•

कने दीक्षा आपी **निधानसागरजी** नामना प्रथम शिष्य कर्या. अने जोधपुरना रहेवाशी जतीने दीक्षा आपी **मयासागरजी** नामना बीजा शिष्य कर्या. संवत अढारना सैकामां साधुओ शिथीलाचारी थया हता. अने तेमना शिष्य प्रशिष्यने हाल गोरजी कहेवामां आवे छे. याद राखवुं के—तपगच्छथी नीकळेली सागर शाखामां पाट परंपर संजम मार्ग सारी पेठे वहन थतो हतो. श्री पद्मसागरजीना शिष्य सुज्ञानसागरजी सं. १८३८ ना श्रावण शुदि ९ ना रोज काळ धर्म पाम्या. तेमना शिष्य श्री भावसागरजीए उदेपुरना महाराणा श्री भीमसिंहजीने उपदेश आप्यो. महाराणा भीमसिंहजी पंडितोने मारो आश्रय आपता हता. अने जैन धर्म उपर तेमनी

प्रीति हती. अने जैन साधुओने गुरु तरीके मानता हता. अने व्याख्यान सांभळवा जता हता. महाराणा भीमसिंहजी ए उपासरानी पासे हाथीना रहेठाणवाळी जग्या हती. ते देरासर बंधाववामां बक्षीस आपी. आ वखते ढुंढकमत ते गाममां हतो नही. तेमज तेरापंथी पण नहोता, श्वेतांबरो सर्व हता. पण कारण मळे हाल केटलाके असल धर्म छोडी जैनाभ्यास धर्म स्वीकार्यो छे. संवत १८४७ ना वैशाख शुदी १० ना रोज श्री सहसफणाजी आदि प्रतिमाओनी **अंजनशलाका** श्री उदेपुरना संघे श्री भावसागर जी पासे करावी. सहसफणा पार्श्वनाथनी प्रतिमा जेवी बीजी प्रतिमा बीजे टेकाणे देखवामां आवती नथी. त्यां गुरु सुज्ञानसागरजीनी पण पादुका पध-

रावी. संवत १८६० नी शालमां श्री भावसागरजीए बीकानेरथी पुस्तक लावी उदेपुरमां ज्ञानभंडारनी वृद्धि करी, संवत १८७७ ना कारतक वदी अमावास्याना दीवसे श्री भावसागरजीअे काळ कर्यों. संवत १८८३ नी सालमां **नाणसागरजी** तथा **निधानसागरजी** तथा **मयासागरजी** विहार करता हता उदेपुर पधार्या. श्री नाणसागरजीजे पाटण, सुरत, अमदावाद, पालीताणा विगेरेथी पुस्तक लावी. उदेपुरना ज्ञानभंडारनी वृद्धि करी.

**श्री नाणसागरजी** संवत १८८७ ना भादरवा वदी १४ ना दीवसे पाक्षीक प्रतिक्रमण करतां अजीत शांति स्तवन पोते कहेतां कहेतां काल धर्म पाम्या. ते विचारवा लायक छे.

**श्री निधानसागरजी** तथा **मयासागरजीए** पाली, जोधपुर, अजमेर, रतलाम, इंदोर विगेरे ठेकाणे विहार करी घणा जीवोने संवेग पक्षमां आण्या. अने जैन शाशन दीपाववा लाग्या. सं. १८९३ नी सालमां श्री मयासागरजी मारवाडथी गूजरात तरफ पधार्या. गूजरातमां श्री मयासागरजीअे पालीना रहेवाशी श्रावकने दीक्षा आपी **नेमसागरजी** नामना प्रथम शिष्य कर्या. तेज **श्री नेमसागरजी** महाराजजीनो मेळाप रवचंदजीने थयो, रवचंदजी शास्त्री अभ्यास करवा लाग्या, अने वखते उपदेश पण सांभळता हता.

## उपदेश.

आ जीव चोराशीलाख जीवायोनि भमतां म-

हापुण्यना योगे मनुष्य जन्म श्रावककुळ आदि धर्म सामग्री पाम्यो छे. माटे ते सामग्री पामीने जरा पण आळस करवी भव्य जीवोने उचित नथी. श्री वीतरागभाषीत धर्मना बे प्रकार छे. १ **यतिधर्म. २ श्रावकधर्म** ए बेमां यतिधर्म शिघ्र मोक्षदाता छे. कह्युं छे के—

## गाथा.

**एकदीवसंपिजीवो पवज्जमुव्वागउअणुष्णमणो।**
**जइविनपावइमुरकं अवस्सवेमाणीउहोइ ॥१॥**

भावार्थ शुद्ध श्रद्धाए त्रिकरण योगे करी संजम पाळतां एक दीवसनुं पण मोक्ष आपी शकेछे. जो कदापि मोक्ष पामी शके नहीं तोपण वेमानीक देवतापणे तो उत्पन्न थइ शके.

## गाथा.

**तेधन्नातेसाहु तेसिं पसंसा सुरेहिं किज्जंति**
**जेसिंकुंडुबमझे पुत्ताइ लिंति पवज्जं ॥ १ ॥**

**भावार्थ**—जेना कुटुंबमांथी पुत्रादिकोए दीक्षा लीधीछे. ते पुरुषोने धन्य छे. तेज श्रेष्ट छे. अने तेमनी प्रशंसा देवताओए करवा लायक छे. वळी कह्युं छे के—

## श्लोक.

**सर्वेषामपिपापानां प्रव्रज्याशुद्धिकारिका**
**जिनोदितातत:सैव कर्त्तव्याशुद्धिमिच्छता॥१॥**
**ददतिब्राह्मणादिभ्य एकेपापविशुद्धये**
**गोदानंस्वर्णदानंच भूमिदानान्यनेकधा ॥२॥**
**आत्मशुद्ध्यर्थमेवान्ये कारयंतिव्रतानपि**

**जुहत्यग्नौपशूंस्तत्र अश्वादींश्चसहस्रशः ॥ ३ ॥**
**शुद्ध्यर्थंस्नांतितीर्थेषु प्रविशंत्यन्येहुताशने**
**तथापिनैवशुध्यंति विनांदीक्षांजिनोदिनां॥४॥**

भावार्थ—सर्व पापोनी शुद्धि करनार दीक्षा छे. जुओ के अर्जुन माळी दररोज सात सात माणसने मारी नांखतो हतो, ते पण दीक्षाथी शुद्ध थयो. तिलातीपुत्रे हाथमां कन्याने मारी मस्तक राखेलुं हतुं. ते पण उपशम संवर अने विवेकथी शुद्ध मार्ग अवलंबनो पूजनीक थयो. गोहत्या, ब्रह्महत्या, स्त्रीहत्या, अने बाळहत्या करनारा पण दीक्षा अंगीकार करी सर्व पापोथी रहीत थायछे. माटे जीनेश्वर भगवंते कहेली पंचमहाव्रत सर्व सावद्य व्यापार त्यागरुप दीक्षा आत्मानी शुद्धि इच्छनारे अंगीकार करवी.

केटलाक जीवो पापनी शुद्धि थवाने माटे ब्राह्मणोने दान आपेछे. गोदान करेछे. सोनानुं दान करेछे, भूमि दान करेछे. अनेक प्रकारनां मिथ्यात्वी व्रतोने करेछे. कोइ होम करी पशुओ होमेछे. कोइ पापनी शुद्धि सारुं नदीओमां स्नान करेछे केटलाक पापनी शुद्धि सारु अग्निमां प्रवेश करेछे. तोपण ते जीवोना पापनी शुद्धि थती नथी. अने ऊलटा एम करवाथी वधारे पाप ऊपार्जन करेछे. जीनेश्वर भगवाने कहेली जैनी दीक्षा विना शुद्धि थती नथी. हजारो पाप चारित्रथी नष्ट थाय छे. असंप्रतिराजा पाछला भवमां एक भीखारीनो जीव हतो. पण जैनी दीक्षा थोडा वखतनी पण बहु लाभकारी थइ, दीक्षा अंगीकार करवाथी छकायना जीवोनी रक्षा थाय छे.

संसारनी उपाधि रहेती नथी. दररोज संजम मार्गमां प्रवृत्त थवाथी घणां कर्म नाश पामेछे. तीर्थंकर भगवान पण दीक्षा अंगीकार करेछे. दशार्णभद्र राजाए दीक्षा अंगीकार करवाथी इंद्र हार्या. देवताओ घणा शक्तिमान् छे पण तेमनाथी दीक्षा लेवाती नथी. माटे देवताओ पण दीक्षा लेनारने नमस्कार करे छे संजम मार्ग वहन करनार जीव अनुक्रमे शिघ्र मोक्ष लक्ष्मीने प्राप्त करशे, मुनिपणुं अने श्रावकपणामां मेरु सरसव जेटलुं अंतर छे. क्यां स्त्री, पुत्र, धनमां आसक्त काचुं पाणी पीवुं, अब्रह्म सेवन करवुं. वनस्पातिनी विराधना पापारंभ पाप व्यापार कपट कारण ग्रहस्थावास छे. तेनो त्याग करवाथी संसार घटे छे. अने आत्म सुख पामी शकाय छे. तीर्थंकर भ-

गवाने प्रणीत श्रमण धर्म श्रेष्ठछे. हे भव्य जीवो जो संसार असार लागतो होय तो तेमां केम राची माची रह्या छो. एक दीवस आ देखातुं शरीर बळीने राख थइ जशे. मरती वखते जीवनी साथे कोइ आवनार नथी. जीव एकीलो आव्यो अने एकीलो जाशे बीजाने माटे जे पापना आरंभ करेछे तेनुं फळ पोताने भोगववुं पडशे. सौ स्वार्थी जन छे. कोइ कोइनुं नथी. आ मारा पीताछे. आ मारी मा छे आ मारु छे एम मोहथी जीव कहेछे. जोने तारु तो होय तो मरती वखते केम साथे आवतुं नथी. तारु तारी पासे आत्मामां रहेलुं छे. जे जे आंखे करी देखाय छे ते मांहे चेतन तारु कंइ नथी घर, हवेली, राज्य विगेरे छांडी अनेक माणसो मरी गया. कोइ देखाती वस्तु-

ओने साथे लेइ जतुं नथी. संसारनुं सूख मधुबिंदु समान छे. अने संसारमां दुखनो पार नथी. संसारनी मोटाइथी जे माणस राजी थाय छे ते बाहिरात्मा जाणवो. धन, कुटुंब, पुत्रादिनो त्याग कर्याविना आत्मानुं हित थइ शकतुं नथी. माटे तेनो त्याग करी दीक्षा लेवी ते सार छे.

## दीक्षा.

इत्यादि उपदेशसारथी खचंदजी वैरागी थया. अने दीक्षा लेवानो विचार थयो. वैराग्यना त्रण प्रकार छे. १ मोहगर्भित वैराग्य. २ दुःखगर्भित वैराग्य. ३ ज्ञानगर्भित वैराग्य. उत्तम पुरुषोने ज्ञानगर्भित वैराग्य थाय छे. खजंदजीने संसारमां चेन पडवा लाग्युं नहिं. माताए तथा पीताए जाण्युं के

आपणो पुत्र वैरागी थयो छे. माटे कोण जाणे संसारमां रहेशे के नहिं. पोते पण मातपीताने आ संसारनुं विचित्र स्वरुप समजावता हता. अंतराय कर्मे मार्ग आपवाथी अने एकदम वीर्योल्लास वधवाथी संवत १९०८ ना मागशर शुदि ११ ना रोज श्री नेमसागरजी महाराज पासे दीक्षा अंगीकार करी गुरुए रविसागर नाम आप्युं. त्यां बे त्रण दीवस रही श्री लींबडी तरफ विहार कर्यो. पोश मासमां लींबडी पधार्या. त्यांना श्रावकोए महोटो ओच्छव कर्यो. अने त्यां वडी दीक्षा लीधी. लींबडी संघना आग्रहथकी त्यां बे मास रह्या. उष्ण ऋतुमां लींबडीथी विहार कर्यो. अनुक्रमे साणंद पधार्या. त्यां संघना आग्रहथी नेमसागरजी तथा [illegible]जी

साथे चोमासुं कर्युं. चोमासामां धर्मोपदेश देइ घणा जीवोपर उपगार कर्यो. चोमासुं उतर्या बाद पेथापुर पधार्या हता.

संवत १९१० नी सालमां श्री नेमसागरजीए पेथापुरमां एक श्रावकने दीक्षा आपी धर्मसागर नाम पाड्युं. आ मुनिराज महाराज अमदावादमां आंबलीपोळे शरीरना अशक्तपणाथी घणो वखत रह्या हता. अने काळ पण त्यां कर्यो- संवत १९११ नी सालमां नेमसागरजी साथे रविसागरजी मुजपर पधार्या. त्यां धर्मदेशना आपी घणा जीवोने धर्ममां जोड्या. संवत १९१२ नी सालमां कपुरसागरजी तथा विवेकसागरजी साथे पेथापुरमां रविसागरजीए चोमासुं कर्युं. संवत १९१३ नी सालमां विरम-

વળી લોહની કડાઇમાં પરમાધામીઓએ નાં-ખ્યા છતાં અત્યંત વેદના ભોગવી ઇત્યાદિ ભયંકર દુઃખ નરકનાં ભોગવ્યાં. તિર્યંચની ગતિમાં ક્ષુધા, તૃષા, તાઢ, તાપ, છેદન, ભે-દનનાં દુઃખ સાહન કર્યાં. દેવતાની ગતિમાં પણ વિષય સુખમાં આસકત થયો છતો. એક બીજા દેવની સ્ત્રી હરણ કરી પરભા-વમાં રમ્યો. તણ તાત્વીક કંઇ સુખ મળ્યું નહી. મનુષ્યની ગતિમાં પણ કાય, કલેશ, રોગ, શોક, અજ્ઞાન, તાઢ, તાપ, આધિ, વ્યાધિ, અને ઉપાધથી ખરૂ સુખ નથી, ખરૂં સુખ મોક્ષમાં છે, ચતુર્ગતિરૂપ સંસાર દુઃખમય છે. જે સંસારનો ત્યાગ કરી આ-તમહિત ચિંતવે છે. એવા મુનીશ્વરોને ધ-ન્ય છે. તીર્થંકર ચક્રવતિ રાજા અને ધન પતિયોએ પણ આ અસાર સંસારનો ત્યાગ કરી અંતે મુનિમાર્ગ આદર્યો છે, સ્ત્રી, ધન,

પુત્રની મમતાથી કેવલ દુઃખજ છે; વિચારો કે પારકી વસ્તુથી કદાપિકાળે સુખી થવાશે નહિં, ગધેડાના ઉપર કસ્તુરીની ગુણ તથા હીરા માણેકની ગુણ ચઢાવીએ, ત્યારે ગધેડા જાણે કે એ મારૂં છે. પણ તે તેનું નથી, તેમ પરવસ્તુના સંયોગથી આપણે મમતા કરીએ છીએ, પણ તેમાં આત્માનું કંઇ નથી, માટે આફતના વખતમાં વિપત્તિ સમયે સગાંવહાલાંના મરણથી વિચારવુ કે-હે ચેતન તે મરી ગયો. તે તારાથી રાખ્યો રખાય તેમ નથી, તો ફોગટ કેમ અધીરો થાય છે, તારે અને તેને એટલોજ સંબંધ હતો, શોક કરવાથી અગર રોવાથી તારૂં કંઇ વળવાનું નથી. સંસારની અસારતા મનમાં ભાવ, તારૂ સગું મરણ પામવાથી તું જેમ દુઃખ કરે છે, તેમ બીજા કેમ કરતા નથી. તેનું કારણ એ છે

री सारु सुरतनी पाठशाळामां **रत्नसागरजी पाठशाळा** नाम जोडवामां आव्युं छे. तेओ साहेब साधू श्रावकने भणाववागां घणो वखत गाळता. तेमने गणदेवीमां काळ कर्यो. संवत १९१८ ना फागण शुदी बीजना रोज राधनपुर मध्ये. पाटणना पारेख खुशालचंदने दीक्षा आपी **खेमसागर** नाम आप्युं. त्यांथी विहार करी प्रांतिज एक मास रह्या हता. जेठ मासमां पालणपुर पधार्या. अने चोमासुं पण त्यांज कर्युं. चोमासुं उतर्या बाद माह महीनामां पालणपुरमां खेमसागरजीने वडी दीक्षा आपी. अने त्यांथी इडर तरफ विहार कर्यो.

इडर गामनां जतीओनुं बहुं जोर हतुं के त्यां संवेगी कोइ ऊतरी शके नहीं. पण आ महात्माना

प्रतापथी श्रावक लोकोनूं लक्ष्य संवेग मार्गमां खेंच्युं अने तेमना ऊपदेशथी लोक शुद्ध मार्ग समजवा लाग्या. त्यां केटलोक वखत रही गामोगाम विहार करता वीरमगाम पधार्या अने त्यां चोमासुं कर्युं.

संवत १९२० नी सालनुं चोमासुं घोघामां कर्युं. अहिं. हडरना श्रावक सरुपचंदने संवत १९२० ना वैसाख सुदि १० दशमे दीक्षा आपी. शांतीसागरजी नाम पाडलुं हतुं. तेमनी पोतानी स्त्री गुजरी जवाथी बीजुं सगपण करेलूं हतुं छतां ते सगपण तोडी दीक्षा लीधी हती. अहीं पण जती लोकोनुं घणुं जोर हतुं. पण आ महात्माना प्रतापथी सत्यज जय पाम्युं. चोमासुं पुरु थया बाद संघ साथे पालीताणे सिद्धाचलगिरिनां दर्शन करवा पधार्या.

शांतिसागरजीने नानी दीक्षा भावनगरमां आपी हती तेमनो दीक्षा ओच्छव अमरचंद जशराजनी मातुश्री मोतीबाइना हाथे थयो हतो. अहीं चोमासुं कर्या बाद घोवाए गया. एम समजाय छे. गीरिराजनी जात्रा कर्या बाद वीरमगाम पधार्या. त्यां महाराजना उपदेशथी गांधी कस्तुरचंद वेणीचंदे पालीताणानो संघ काढ्यो हतो. तेमां सात साधुनां ठाणां तथा पांच साधवीनां ठाणां हतां. अनुक्रमे जात्रा करी पाछा आवी माणसा तरफ पधार्या. संवत १९२२ ना पोश वदी १२ बारसना रोज पालणपुरना संघना आग्रहथी त्यां पधार्या. फागण शुदि पांचमना रोज संघ साथे शिष्यो सहीत आबूजी जात्रा करवा सारु विहार कर्यो. अनुक्रमे जात्रा करी पाछा आवी फा-

गण वदी ७ ना रोज वसो तरफ विहार कर्यो. संवत १९२२ ना चैत्र सुदि ५ पांचमना रोज वसो गाममां पधार्या. वसो गाम पेटलाद पासे आव्युं छे. त्यांना शा. हरजीवन जेचंदना पुत्र साकरचंदनुं लग्न एज सालना वैशाख शुदी ५ पांचमनुं हतुं. पण साकरचंदने संसार असार लागवाथी लग्न बंध राखी अमदावादमां मुनिराजश्री रविसागर पासे दीक्षा लीधी तेमनुं नाम **गुणसागर** पाडयुं. वळी अहींनाज शा. मानचंद साकरचंदे एज सालनी जेठ सुदि ६ छट्ठनां रोज दीक्षा लीधी तेमनुं नाम **मणिसागर** राख्युं. संवत १९२३ नी सालमां वीरमगाममां **गुणसागर** तथा **मणिसागर**ने वडी दीक्षा आपी. **कल्याणसागर** तथा हेतश्रीने दीक्षा आपी हती. त्यांथी वि-

हार करी इडर गया त्यां एक महीनो रह्या त्यार बाद त्यांथी विहार करता बीजापुर पधार्या. आ गाममां जतीओ विद्वान हता. बीजापुरने विद्यापुरी कहेवामां आवे छे. त्यांथी विहार करी गेरीता वीसनगर, वडनगर थइ तारंगाजीनी जात्रा करी वीरमगाम पधार्या. त्यां केटलोक वखत रही त्यांथी जोटाणा, महेसाणा, पाटण थइ पालणपुर पधार्या. अने चोमासुं पालणपुरमां कर्युं. प्रख्यात श्रीहीरविजय सूरिनो जन्म आ शहेरमां थयो हतो. आनुं बीजुं नाम प्रल्हादनपुर कहेवामां आवे छे.

पालनपुरमां अक्षय निधि तप कराव्यो भादरवा शुदी ६ छठनी रोजे भारे वरघोडो चढयो हतो. आ वखतनो देखाव बहु सारो हतो. आ चो-

मासाभां विनितसागर तथा मणिसागर साथे हता. पालणपुरथी विहार करी गामोगाम विचरता वीजापुर पधार्या. अने त्यांथी मांणिज गाममां पधार्या. त्यां एक मास कल्प कर्यो. अनुक्रमे वीरमगाम आवी संवत १९२७ ना माह महीनामां वीरमगाममां उपधान कराव्यां.

संवत १९२८ नी सालनुं चोमासुं ईडर कर्युं. ते वखते कल्याणसागर विनितसागर तथा मणिसागर साथे हता. वडाली गामना संघना आग्रहथी मणिसागर तथा वीनीतसागरने वडाली मोकल्या. त्यांथी चोमासुं उतर्या बाद विहार करी अनेक भव्य जीवोने उपदेश आपता आपता वीजापुर पधार्या. सं. १९२९ नी सालमां पण वीजापुर प-

धार्या हता. संवत १९३० ना जेठ शुदी ६ ना रोज पालणपुर पधार्या. अने चोमासुं पण त्यां कर्युं. **अक्षयनिधि तप** तथा वीश छोडनुं ऊजमणुं आदिथी धर्मोन्नति थइ हती. संवत १९३१ नी सालनुं चोमासुं बीजापुर कर्युं. सं. १९३२ नी सालनुं चोमासुं **मणिसागरजी** साथे पेथापुर कर्युं हतुं. त्यांथी गामोगाम विहार करता राधनपुर पधार्या. त्यां २२ बावीस दिवस रही माणसा तरफ विहार कर्यो. माणसाथी विहार करी माह शुदी १९ ना रोज वीरमगाम पधार्या. तेमना उपदेशथी दोशी वहालजी घेलाए देरासर बंधावी धर्मनाथनी प्रतिमानी प्रतिष्ठा करावी हती. त्यांथी अनुक्रमे विहार करता पाटण पधार्या. अने चोमासुं पण पाटणमां कर्युं.

त्यांथी चोमासु उतर्या बाद माणसा तरफ पधार्या. त्यांना लोकोए ओच्छव कर्यो. सं. १९३९. ना कारतक वदीमां पालनपुर पधार्या. त्यारे उपधानमां श्रावक श्रावीकाओ जोडायां. माहा सुदी पांचमना रोज श्रावक श्रावीकाओने माळाओ पहेरावी. ते वखते धामधुमथी वरघोडो चढाववामां आव्यो हतो. संवत १९३९ नुं चोमासुं वीजापुरमां कर्यु. त्यां अभयनिधि तप विगेरे कराव्यां. सं. १९३९ नी सालनुं चोमासुं मणिसागरजीए माणसामां कर्युं हतुं. त्यांथी विहार करता संवत १९३६ ना वैशाख वदी ११ ना रोज चोमासुं करवा पधार्या. एकंदर रविसागरजीए पालणपुरमां चार चोमासां कर्यां. आ वखते मणिसागरजी तथा कल्याणसाग-

रजी साथे हता. त्यांथी विहार करी मागशर वदी ८ आठमना रोज माणसाए ऊपधान वेहेराववां पधार्या हता. संवत १९३८ नुं चोमासुं वीजापुर कर्युं त्यांथी विहार करी माणसाए पधार्या. साणंदथी संघ नीकल्यो हतो ते संघ साथे भोंयणी श्री मल्लिनाथनां दर्शन कर्यां. संवत १९४१ नी सालनुं चोमासुं मेहसाणा मध्ये कर्युं हतुं. ते वखते पालणपुरनी श्रावीका रतनबाइने दीक्षा आपी तेमनुं नाम रतनश्री पाडवामां आव्युं छे. संवत १९४२ नी सालनुं चोमासुं साणंद कर्युं. त्यां जैनधर्मनी सारी रीते उन्नति करी. संवत १९४३ सालनुं चोमासुं मेहेसाणा गाममां कर्युं. संवत १९४३ ना वैशाख सुदि ६ छठना रोज म... ...भाइ मु-

खणदासे तथा पाटणना शा सांकळचंद आलमचंदे मुनिराज श्री रविसागरजी महाराज पासे दीक्षा लीधी. फूलचंदभाइनुं नाम भावसागरजी पाडवामां आव्युं अने सांकळचंदनुं नाम सुखसागरजी पाडवामां आव्युंछे. सं. १९४४नी सालनुं चोमासुं माणसामां कर्युं. तेमनी साथे भावसागरजी तथा सुखसागरजी हता. साध्वीजी देवश्री विगेरे पण हतां. ते वखते गाम गेरीतानी हरकोर बाइए वैशाख सुदि ६ छठनी दीक्षा लीधी हती. तेमनुं नाम हरखश्री पाडवामां आव्युं छे. संवत १९४५ नी सालनुं चोमासुं वीजापुरमां कर्युं. ते वखते वडसमाना श्रावक गगलभाइए एक महीनानी तपश्चर्या करी हती. भारे ओच्छव थयो हतो. आ वखते महाराजनी वृद्ध अवस्था हती तेमज

विहारमां अशक्त थया हता. तोपण उपयोग सारो हतो. त्यांथी चोमासा बाद विहार करी. रणासण, लोद्रा, आजोल,. माणसा विगेरे ठेकाणे विहार करता मेहेसाणा तरफ पधार्या. तेमनी सेवा चाकरीमां मुनिश्री सुखसागरजी पासे हता. संवत १९४६ सालनुं चोमासुं मेहेसाणामां कर्युं. त्यां जैन शाशननी सारी उन्नति थइ हती. संवत १९४७नी सालनुं चोमासु पाटणमां कर्युं.त्यां सुखे समाधिए चारित्र आराधन कर्युं.

संवत १९४८नी सालथी माहाराजनी अत्यंत वृद्धावस्थाथी त्यांज चोमासां करवा लाग्या. कारण के आ वखते उमर वर्ष ७१ ना आशरे हती. सं. १९४९, १९५०, १९५१, १९५२, १९५३ नां चोमासां सुखेथी गाळ्यां. अने धर्म साधनमां

तत्पर थया. महाराजजीनुं शरीर दीनप्रतिदिन क्षीण थवा लाग्युं. तोपण वैराग्य तो वृद्धिनेज पामतो हतो चउसरण प्रयन्नो तथा नव स्मरण महाराजजी दर-रोज गणता हता. संवत १९५४ ना जेठ वदी १० ना रोज महाराज साहेबजीने रात्रीए श्वास उपड्यो. तेथी महाराजजीए पोताना शिष्य मुनिश्री सुखसागर-जीने कह्युं के—हवे मने सारां सारां स्तवन, सज्झा-यो संभळावो. सूखसागरजी संभळाववा लाग्या. ते वखते श्री आत्मारामजीना शिष्य श्री चारित्रविजयजी तथा श्री धर्मविजयजी तथा धर्मगुरु श्री कपूरविजयजी तथा अमीविजयजी विगेरे पासे हता. प्रबंध लखनार हुं पण ते वखते पासे हतो. मारा उपर आ प्रख्यात मुनिराजनी करुणा द्रष्टि हती. मने याद करवाथी हुं

माहाराज साहेबनी पासे आव्यो. अने वैराग्यकारक स्तवनो संभळाव्यां. आ वखते रात्रीना दश वाग्यानो सुमार हतो. महाराजने जरा शांति थइ. आ वखते मुनिराज श्री रविसागरजी महाराज साहेबजी वैराग्यमां लीन थयां. **अनित्यादि** बार भावनाओ भाववा लाग्या. अने शरीरथी चेतन न्यारो छे. तेने अने **आत्मा ने अनादिकालथी** संयोग थयो छे. शरीर विनाशी छे. हुं अविनाशी छुं. शरीर रुपी छे. अने हूं आत्मा अरुपी छुं, कर्म संयोगे आ आत्मा चार गतिमां भटके छे. शरीर मारुं नथी. हूं शरीर नथी. चारीत्र मार्गमां जे जे दुषणो लाग्यां होय तेनो पश्चाताप करवा लाग्या. तीर्थयात्राओनुं स्मरण करवा लाग्या. स्मरण करतां करतां निद्रा आववा लागी. रात्रीना वखते

महाराज साहेबजीना शरीरनी स्थीति नबळी जाणी केटलाक श्रावको उपाश्रयमां सुइ रह्या हता. अने वाराफरती श्रावको जागरण करता हता. रात्रीना चार वाग्याना सूमारथी महाराजनुं शरीर वधारे नरम थयुं आ वखते श्रावक वेणीचंद सूरचंद तथा शेट वसताराम नेमीदास, तथा छगनलाल डोसाभाइ, तथा नगीनदास झवेरचंद, तथा खुबचंदभाइ महेता पाटणवाळा, तथा कीकाभाइ तथा प्रबंध लखनार हुं पोते ते वखते हाजर हता.

महाराजजी साहेबने पोतानो अंतकाळ नजीक भासवाथी अंतवासे श्रावकोने चेतवणी आपी. संवत १९५४ ना जेठ वदी ११ ना रोज सवारना पहोरमां प्रतिक्रमण विगेरे करी तथा पार्श्वनाथजीनी प्र-

तिमानां दर्शन करी पाट उपर संथारामां बीराजमान थया. अंते समाधि मरण थवुं घणुं दुर्लभ कह्युछे केः—

**गाथा.**

**कालेसुपत्तदाणं सम्मत्तविशुद्दिबोहिलाभंच**
**अंतसमाहिमरणं अभव्वजीवा न पावंति ॥१॥**

वळी जयवीअरायमां कह्युं छे के—**समाहि मरणंचबोहिलाभोअ** माटे समाधि मरण थवुं भवी जीवोनुं होइ शके छे. महाराज साहेबजीए कह्युं के—कोइ पण माणस वातचित अगर गरबड करे नहीं. महाराज साहेबजीनी अंतावस्था मालूम पडवाथी श्रावक श्रावीकाओ नानां मोटां सर्वे आवी महाराजजीनां दर्शन करवा लाग्यां. अने शोकातुर थइ गद् गद् कंठे कहेवा लाग्यां के—हवे अमने धर्मनो उपदेश कोण आपशे.

ब्राह्मणो तथा मेसरी वाणीया पण महाराज साहेबनां दर्शन करवा आववा लाग्यां. ऊपाश्रय माणसोथी भराइ गयो. पद्मासन वाळी महाराज साहेबजी आत्म स्वरुप विचार करवा लाग्यां के—

## आत्मस्वरुप विचार.

हे चेतन तुं एकीलो आव्यो अने एकीलो जइश. तें जे जे कर्म कर्यां छे ते परभवमां भोगववां पडशे. मरण थकी शरण राखनार कोइ नथी. मरणथकी हे आत्मा तुं मुंझाइश नहि. आ असार संसारमां तें अनंतां जन्म मरण कर्यां पण हजी पार आव्यो नहीं. हवे तुं आत्मा चार शरण कर. तुं आत्मा अखंड अनंत सूखनो भोक्ता छे. तुं अज छे. अमर छे. अविनाशी छे. तुं स्वस्वरुपनो भोक्ता छे.

आ देखातुं शरीर तारुं नथी. हे चेतन कोइ वस्तुपर ममता करीश नहि. पंच महाव्रतमां जे जे दूषणो लाग्यां होय तेनो पश्चाताप करवा लाग्या. वीतराग भगवंतनी अज्ञान दशाए ज ज आज्ञाओ खंडन करी होय तेनो पश्चाताप करवा लाग्या. चोराशीलाख जीवायोनिना जीवोने खमाववा लाग्या. आ पुद्गलनो विनाशी स्वभाव छे. ते नाश पामवानूं तेमां चेतन तारुं कइ नथी. तूं आत्मद्रव्य छे. शरीर पुदगल द्रव्य छे. एम शुभ ध्यानमां वर्तता मोटा निःश्वास मुकवा लाग्या. आखो संघ ऊदास चित्तथी तेमनी सामे टगमग जोवा लाग्यो. महाराजजीए आंखो उघाडी संघ सामे द्रष्टि करी एक आंगळी ऊंची करी जणाव्युं क—

## संघने शिखामण.

जन्म जरा अने मरण कोइने मुकनार नथी. एक धर्ममां ध्यान राखशो. त्यारबाद महाराज साहेबजी केटलीक वखत आंखो उघाडे. अने मींची दे. एम करवा लाग्या. हुं तथा वेणीचंदभाइ तथा छगनलाल डोशाभाइ महाराजजीनी जमणी तथा डाबी बाजुए हाजर हता. मुनिश्री सुखसागरजी पण पासे बेठा हता. तेमना सामु महाराज साहेबजी जोवा लाग्या. अने तेमने पोतानी आंगळी ऊंची करी कहुं के आ भयंकर संसार समुद्र तरवो घणो कठीन छे. माटे एक धर्मध्यानमां तत्पर रहेशो. एम जणावतां मुनिश्री सुखसागरजीनी आंखमांथी अश्रुनी धारा छुटी. अने गुरु महाराजना स्नेहथी छाती भराइ गइ.

अने शोकसमुद्रमां बूडतां फरीआर महाराज साहेब-जीनी आंगळीरुप प्रवहणे जणाव्युं के आ वखत मारो अंत समय छे. माटे छाती द्रढ करी धर्म संभळाववो ते तमारु काम छे. मुनिश्री सुखसागरजी पण नवकार देवा लाग्या. अहो ! नवकारनुं केवुं माहात्म्य छे के चउद पूर्वी पण मरण समये नवकारनुं स्मरण करेछे. माहाराजजीए पाछा संघ तरफ आंगळी करी जणाव्युं के सकल संघ संपथी चालजो. संघमां लडाइ टंटा घालशो नही, ज्यां सुधी तमारा गाममां संप छे त्यां सुधी सारु रहेशे. आ वखते नगरशेठ वसताराम नेमीदास पण बहु उदास थइ गया. साधवी शीवश्रीजी तथा हरखश्री आ वखते हाजर हतां. प्रबंध लखनार मने महाराजजीए जणाव्युं हतुं के

ज्यां सुधी मारा जमणा हाथनो अंगूठो हालतो रहेशे. त्यां सूधी हुं शुद्धिमां छुं. एम तमे जाणजो, माहाराजजीना सामो सकळ संघ उदास चित्तथी बेठो हतो. गांधी मुळचंदभाइ तथा हरगोवनदास मगनलाल तथा शेठ चुनीलाल गोतम विगेरे आ वखते सर्वे हाजर हता.

## खेदजनक मृत्यु.

हवे श्वासोश्वास उपडयो. नाडी हळवे हळवे धबकारा करवा लागी. महाराजश्री ध्यानारुढ थया. अहो आ वखते महाराजश्रीजीनुं आवुं समाधि मरण उत्तम गति सूचवतुं हतुं. प्रबंध लेखक हु तथा बेणीचंदभाइ सुरचंद तथा छगनलाल डोशाभाइ मोटा स्वरथी तेमना कान नजीक नवकार मंत्र भणवा ल-

ग्या. **अरिहंत सिद्ध साहु** एम पण कहेवा लाग्या. महाराजश्री उपयोगथी सांभळतां सांभळतां ध्यानारुढ थइ संवत १९५४ ना जेठ वदी ११ अगीआरसना रोज सवारना पहोरमां ६॥ वाग्याना आशरे अमृत-सिद्धि योगमां चढता पहोरे आ क्षणीक देहनो त्याग करी श्री रविसागरजी उत्तम गतिने भजनारा थया.

## संघमां शोक.

महाराजजीना मरणथी आखो संघ अत्यंत दीलगीर थयो. केटलाक रुदन करवा लाग्या. मुनिराज श्री सुखसागरजी पण स्नेहना वशथी अश्रुधारा वरसाववा लाग्या, अने विलाप करवा लाग्या के हे परमगुरु हवे मने सारी सारी कोण शीखामणो आपशे. अने मारु आत्महित कोना अवलंबनथी थशे. अरे

हुं गुरु विना एकीलो क्यां जाइश. माता विनानां बालक तेम हुं हवे गुरु विना केम शोभीश. संसार समुद्रमां वहाण समान हे गुरुजी हवे हुं गुरु कही कोने बोलावीश. अने हवे मने गुरु विना कोण ठपको आपशे. निर्भागी पासे चिंतामणि रत्न रहे नहीं, तेम मारी पासे आप चिंतामणि रत्न समान रह्या नहिं. हवे हुं शुं करुं. एम वारंवार महाराज साहेबजीनी भव्य मुखाकृति निहाळी विलाप करवा लाग्या. तेमने सकल संघे शांत पाडी जणाव्युं के मृत्युथी कोइ छूटनार नथी. तेम आप जाणोछो छतां केम रुदन करोछो. नकामो विलाप करवाथी हवे शुं थशे. महाराजजीनुं समाधि मरण थयुं. तेथी आपणे राजी थवुं जोइए.

## मरणक्रिया विधि.

संघे अमदावाद, साणंद, गोधावी, वीरमगाम, बीजापुर मुंबाइ, पाटण, पालनपुर, माणसा, प्रांतीज, पेथापुर, अमदावाद, शेठ वीरचंदभाइ दीपचंद वीगेरे उपर तार द्वाराए महाराजजीना मृत्युना समाचार जणाव्या. संघे थोडा वखतमां जरीयाननी पालखी सुशोभीत तैयार करावी. महाराजजीना शरीरने अग्निसंस्कार करवा सारु गामथी दक्षिण दिशामां तेज वखते एक खेतर वेचातुं लीधुं. महाराजजीनां शरीरने उपाश्रयमां एक थांभलानी पासे बाजोठ ऊपर पधराव्युं अने रजोहरण मुहपत्ति विगेरे स्थापन कर्यां अगीयार वाग्याना आशरे अमदावादथी शेठ वीरचंदभाइ दीपचंद विगेरे संघना आगेवान ग्रहस्थो आव्यां.

पालखी तैयार थइ. गामना लोको दर्शन करवा आ-
ववा लाग्या. श्रावक श्रावीकाओने दीलगीरी घणी थइ
ब्राह्मण, भाट, छींपा विगेरे लोंको पण दर्शन करी
उदास थइ गया. अने कहेवा लाग्या के—अहो आ
महात्मा पुरुषने धन्य छे. के जेणे साधुपणुं अखंड
पाळ्युं महाराजजीना शरीरने पालखीमां पधराव्युं. आखो
उपाश्रय माणसोथी चीकार भराइ गयो हतो. खबर प-
डतां आसपासना गामडाना लोको पण आव्या हता.
माणसाथी शेठ मुलचंदभाइ हाथी तथा वाडीलाल
मारु विगेरे आव्या हता. आ वखते महाराजजीना शिष्य
भावसागरजी जोधपुर हता. तेमने तार तारफत खबर
आपी पालखी उपाडवानो चढावो बोलायो. शेठ. वी-
रचंदभाइ दीपचंदे पहेली पालखी पोतानी खांधपर

उपाडी. निर्वाण समये समुदाय घणो मळेलो होवाथी बंदोबस्त माटे पोलीस पण हाजर हती. पालखी सहीत सर्व संघ तथा हजारो लोको पालखी पाछळ चालवा लाग्या. श्रावक वर्ग **जय जय नंदा जय जय भद्दा** शब्दनुं उंच स्वरे उच्चारण करवा लाग्या. चउटा वच्चोवच्च थइ पालखी लीधी. हजारो लोको मेडीओ उपर चढी केटलाक दूकानना ओटला उपर रही बे हाथ जोडी दर्शन करवा लाग्या. जेणे सुडतालीस वर्ष सूधी देशोदेश विचरी जे शरीरने शुष्क करी नांख्युं. ते महात्मानुं आ शरीर छे. ज महात्माए वचनामृतथी हजारो लोकोनां कल्याण कर्या. अहो ते· मने धन्य छे. एम लोको कहेवा लाग्या. कोइ कोइने कहेवा लाग्युं क मनुष्य जन्म पामीने आ महात्माए

आत्माहित कर्युं. धन्य छे तेमने. गरीब लोकोने श्रावक वर्ग तरफथी दान आपवामां आव्युं. रुपैया, अडधा, पावलुं, रुपानां फूल विगेरे उछाळवामां आव्यां. चउटा तरफथी पालखी दक्षिण दिशा तरफ लीधी. आ वखते ब वाग्यानो सुमार हतो. तडको सखत हतो. आकाश शांत हतुं. पक्षीओ पोताना माळामां बेठां बेठां कल्लोल करतां हतां. पालखी धारेला खेतरमां आवी पहोंची.सुखडनां लाकडां विगेरे अग्निसंस्कारनो सामान तैयार हतो. साडात्रण वाग्याना आशरे महाराजजीना शरीरने अग्निसंस्कार करवामां आव्यो. महाराजजीना मरणनी तीथीनी यादगीरी सारु नवकारशी नीमवामां आवी. अने ते दीवसे आखा गाममां हडताल पाळी. तेज दीवसे माणसा, बीजापुर, पेथापुर,

पाटण, वीसनगर, वीरमगाम विगेरे गामोमां हडताल पाडवामां आवी. अग्निसंस्कार कर्या बाद सकळ संघे उपाश्रये आवी. देववंदन कीधुं. बीजा दीवसथी अट्ठाइ महोच्छव शरु कीधो.

आ परम पूज्य मुनिराज स्वभावे शांत अनुभवी वैरागी त्यागी शरीरे मजबूत संकटमां धैर्यवंत आतापनाकर्मी माणसनी परीक्षा करनार, क्रियाकांडमां प्रवीण संवेगी शुद्ध धर्मोपदेशक हता. मुनिराज श्रीमद् आत्मारामजी तथा श्रीमद् मोहनलालजी महाराज विगेरे आ महात्मानी चारित्र पाळवा संबंधी घणी प्रशंसा करता हता. एकंदर माहाराजजीए सुडतालीस वर्ष सुधी संयम मार्ग आराध्यो वृद्ध परंपरानी वात पण तेओ सारी रीते वृद्ध होवाथी जाणता हता महाराजजी

साहेबनो विहार अमदावादथी ते ठेठ पालणपुर, इडर, प्रांतीज, वीरमगाम, मांडल, बीजापुर, माणसा, महेसाणा. कटोसण, जोटाणा, चाणसमा, साणंद विगेरे ठेकाणे घणो थतो हतो. जे गाममां तेमनुं पधारवुं थयुं हतुं. त्यां चंदरवा चुलाऊपर बांधवानी लोकोनी घणी काळजी हती. तेमना शरीरनो जे ठेकाणे अग्निसंस्कार कर्यो, ते ठेकाणे हाल मेसाणाना संघे शेठ वीरचंदभाइ दीपचंदभाइनी मददथी एक आरसपाषाणनी देरी बांधी तेमां पूज्यश्री रविसागरजी महाराजनी पादुका स्थापन करी छे. तेमना शिष्य श्री सुखसागरजी हाल विद्यमान छे. तेमने महाराज साहेबनी सारी सेवा चाकरी करी हाल पण साधुओ तेमनी वैयावच्च संबंधी प्रशंसा करेछे. **एवम्** श्रीर-

बिसागरजी महाराजजीना चरित्रमां मतिविभ्रमथी जे कंइ भूलचुक थइ होय ते सुधारी वांचशो.

माहाराजजीए जे जे ठेकाणें विहार कर्यो हतो. अने चोमासां कर्यां हतां. ते गामोना संघ उपर कागळ लखी हकीकत मंगावी आ चरित्र लख्युं छे. बनता प्रयासे आ चरित्र तैयार करी तेमना गुणोनुं स्मरण करी तेमनो प्रशिष्य गुणीना गुण गाइ आनंद माने छे.

## दुहा.

विघ्न हरण श्री पार्श्वनाथ, संखेश्वर सुखकार;
शांति करण श्री शांतिनाथ, रुद्धि सिद्धि दातार. ॥१॥
गुरुतणा गुण गावतां, सफल थाय अवतार;
रविसागर गुरुरायनुं, चरित्र कहुं जयकार. ॥२॥

अल्पमति हूं बाळबूद्धि, गूरु कृपाथी आज;
वाणी मुज सफली थइ, सिध्यां सघळां काज. ॥३॥
महिमावंत महंत ए, रविसागरराय;
ध्यान हृदय धरतां थकां, मनवंछीत सूख थाय. ॥४॥
संवत् विक्रम ओगणीश, अठावननी साल;
फागण वदी प्रतिपदा, पूर्ण चारित्र रसाळ. ॥५॥
नगर पादरा शोभतुं, शांतिनाथ जयकार;
तास पसाये चरित्र ए, रचतां सुख निरधार. ॥६॥
उत्तमना गुण गावतां, प्रगटे आत्म स्वरुप;
बुद्धिसागर सूख लही, पामे शिव चिद्रूप. ॥७॥

# अथ पट्टावली.

१. श्री सुधर्मास्वामी.

२. तत्पट्टे श्री जंबुस्वामीजी महाराज.

३. तत्पट्टे श्री प्रभवास्वामीजी महाराज.

४. तत्पट्टे श्री शय्यंभवसूरिजी.

५. तत्पट्टे श्री यशोभद्रसूरिजी.

६. तत्पट्टे श्री संभूतिविजय तथा श्री भद्रबाहु-स्वामीजी.

७. तत्पट्टे श्री स्थूलभद्रजी महाराज.

८. तत्पट्टे श्री आर्यसुहस्ति महाराजजी.

आठ पाटतक गच्छनुं नाम निर्ग्रंथ चाल्युं.

९. तत्पट्टे श्री सूस्थित अने सुप्रतिबद्धसूरि.

१०. तत्पट्टे श्री इंद्रदिन्नसूरिजी.

११. तत्पट्टे श्री दिन्नसूरिजी महाराज.

१२. तत्पाटे श्री सिंहगिरिसूरिजी.

१३. तत्पाटे श्री वज्रस्वामीजी महाराज.

१४. तत्पाटे श्री वज्रसेनसूरिजी महाराज.

१५. तत्पाटे श्री चंद्रसूरिजी महाराज.

१६. तत्पाटे श्री सामंतभद्रसूरि.

१७. तत्पाटे श्री वृद्धदेवसूरिजी महाराज.

१८. तत्पाटे श्री प्रद्योतनसूरिजी महाराज.

१९. तत्पाटे श्री मानदेवसूरिजी महाराज.

२०. तत्पाटे श्री मानतुंगसूरिजी महाराज.

२१. तत्पाटे श्री वीरसूरिजी महाराजजी.

२२. तत्पाटे श्री जयदेवसूरिजी.

२३. तत्पाटे श्री देवानंदसूरिजी.

२४. तत्पाटे श्री विक्रमसूरिजी महाराज.

२५. तत्पाटे श्री नरसिंहसूरिजी.

२६. तत्पाटे श्री समुद्रसूरिजी.

२७. तत्पाटे श्री मानदेवसूरिजी.

२८. तत्पाटे श्री विबुधप्रभसूरिजी.

२९. तत्पाटे श्री जयानंदसूरिजी.

३०. तत्पाटे श्री रविप्रभसूरिजी.
३१. तत्पाटे श्री यशोदेवसूरिजी.
३२. तत्पाटे श्री प्रद्युम्नसूरिजी.
३३. तत्पाटे श्री मानदेवसूरिजी.
३४. तत्पाटे श्री विमलचंद्रसूरिजी.
३५. तत्पाटे श्री उद्योतनसूरिजी.
३६. तत्पाटे श्री सर्वदेवसूरिजी.
३७. तत्पाटे श्री देवसूरिजी महाराज.
३८. तत्पाटे श्री सर्वदेवसूरिजी.
३९. तत्पाटे श्री यशोभद्रसूरिजी.
४०. तत्पाटे श्री मुनिचंद्रसूरिजी.
४१. तत्पाटे श्री अजितदेवसूरिजी.
४२. तत्पाटे श्री विजयसिंहसूरिजी.
४३. तत्पाटे श्री सोमप्रभसूरिजी.
४४. तत्पाटे श्री जगत्चंद्रसूरिजी महाराज.
४५. तत्पाटे श्री देवेंद्रसूरिजी महाराज.

४६. तत्पट्टे श्रीधर्मघोषसूरिजी महाराज.
४७. तत्पट्टे श्री सोमप्रभसूरिजीमहाराज.
४८. तत्पट्टे श्री सोमतिलकसूरिजी.
४९. तत्पट्टे श्री देवसुंदरसुरिजी
५०. तत्पट्टे श्री सोमसुंदरसुरिजीमहाराज
५१. तत्वट्टे श्री मुनिसुंदरसुरिजीमहाराज.
५२. तत्पट्टे श्री रत्नशेखरसुरिजीमहाराज.
५३. तत्पट्टे श्री लंक्ष्मीगरसुरिजीमहाराज.
५४. तत्पट्टे श्री सुमतिसाधूसुरिजी.
५५. तत्पाटे श्री हेमविमलसुरिजीमहाराज.
५६. तत्पाटे श्री आनंदविमलसुरिजी
५७. तत्पाटे श्री विजयदानंदसुरिजीमहाराज
५८. तत्पाटे श्री हीरविजयसुरिजीमहाराज
५९. श्री सहेजसागरउपाध्यायजी
६०. श्री जयसागरउपाध्यायजी
६१. श्री जीतसागरगोपाजीमहाराज

६२. श्री मानसागरजीमहाराज
६३. श्री मयगलसागरजीमहाराज
६४. श्री पद्मसागरजीमहाराज
६५. श्री सुज्ञानसागरजीमहाराज
६६. श्री सरुपसागरजीमहाराज
६७. श्री निधानसागरजीमहाराज
६८. श्री मयासागरजीमहाराज
६९. श्री मयासागरजीनाशिल्प श्री नेमसागरजी महाराज तथा श्री गौतमसागरजीमहाराज श्री गौतमसागरजीमहाराजनाशिष्य श्री झवेरसागरजीमहाराजजी तेमना शिष्य श्री आणंदसागरजी हाल विद्यमान छे.
७०. श्री नेमसागरजीमहाराजना शिष्य श्रीमद् र· विसागरजीमहाराजजी.
७१. श्री रविसागरजीमहाराजना शिष्य श्री सुख-सागरजीमहाराजजी हाल विद्यमान छे.

इति श्री शांतिः शांतिः शांतिः शांतिः शांतिः

# શોક વિનાશક ગ્રંથ.

# શોક વિનાશક ગ્રંથ.

યોજક,

## મુનિ બુદ્ધિસાગરજી.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા,

## શા. કેશવલાલ લાલચંદભાઇ.

વડોદરા.

અમદાવાદ
જૈન પ્રિન્ટિંગ પ્રેસ.

# પ્રસ્તાવના.

**मंगलम्.**

मंगलं भगवान् वीरो मंगलं गौतम प्रभुः

मंगलं स्थुल भद्राद्याः जैन धर्मोऽस्तु मंगलम्॥१॥

સંસારમાં દરેક જીવો રાગ અને દ્વેષથી બંધાય છે. રાગ અને દ્વેષનો ત્યાગ કરવાથી સંસાર બંધનમાંથી મુકાય છે. નિમિત્ત યોગે મોહ શોક વિગેરે ઉત્પન્ન થાય છે જે વસ્તુ પ્યારી માનવામાં આવે છે. તે વસ્તુના વિયોગથી શોક થાય છે. તે પ્રમાણે આ ગ્રંથ પણ પ્યારી વસ્તુના વિયોગથી જે શોક થાય છે. તેનું નિવારણ કરવા બનાવ્યો છે.

સંવત્ ૧૯૫૯ ના માગશર સુદિ તેરશના દીવસે આ પ્રબંધ લેખકનું મુકામ મામાની પોળના ઉપાશ્રયે હતું. ત્યાં પહેલાં પણ બે ત્રણ માસ રહેવાનું થયું હતું. ત્યાં કેશવલાલ લાલચંદ નામના એક સદ્ગ્રહસ્થ શ્રાવકનો પુત્ર નેમચંદ કરીને હતો. તે છોકરાની ધર્મ

ઉપર પ્રીતિ સારી હતી માગસર શુદિ પુનમના રોજ વિહાર કરી અમો પાદરે ગયા. ત્યાં કેશવલાલભાઇના પુત્રનું મરણ પ્લેગ થકી થયું સાંભળ્યું. ત્યારે તેમના ઉપર અમોએ તેમનો શોક નિવારણ થાય તેવો કાગળ લખ્યો. ત્યાર બાદ તેમનું પાદરાએ આવવું થયું. તેમણે વિનંતિ કરી કે કોઇ સગાં વ્હાલાંનું મરણ થાય છે. ત્યારે તે વખતે દરેક જીવો શોક અત્યંત કરે છે. માટે તેવા વખતે શોકનો નાશ થાય તેવો પ્રબંધ આપ લખો તો બહુ સારૂ એવી તેમની વિનંતિથી આ પ્રબંધ તૈયાર કર્યો છે.

આ પ્રબંધમાં જે કાંઈ વીતરાગ આજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તે સંબંધી મિચ્છામિ દુક્કડં દઉછું.

એ વીતરાગની વાણી છે એ વાણીરૂપ અમૃતનો સ્વાદ કરી ભવ્ય જીવો અજરામર પદ પામો. એજ આકાંક્ષા સ્વપર સફળ થાઓ. एवम्.

धर्माख्याने श्मशाने च रोगिणांयामतिर्भवेत्,
यदि सा निश्चलाबुद्धिः कोमुच्येतनबंधनात्.

ॐ

# संखेश्वर पार्श्वनाथाय.

## દુહા.

શ્રીસંખેશ્વર પાર્શ્વનાથ, પુરીસાદાણી જેહ;
ચરણ યુગલ નમી તેહના, રચના કરૂં સુખ ગેહ. ૧
સરસ્વતિ સુખદાયીકા, આપો વચન વિલાસ;
પરોપદેશ કરતાં થકાં, કરજો બુદ્ધિ પ્રકાશ. ૨
સુખ સાગર ગુરૂ નામી શીષ, તેહ તણા સુપસાય;
શોકવિનાશક નામનો, પ્રબંધ રચ્યું હિત લાય. ૩
વડોદરના વાસી શેઠ, લાલચંદ સુત જેહ;
કેશવલાલના હિત ભણી, ઉદ્યમ કીધો એહ. ૪
નેમચંદના મરણથી, શોક થયો જે અપાર;
તેહ નીવારણ એહ ગ્રંથ, રચતાં જય જયકાર. ૫

આ ચોરાશી લાખ જીવા યોનિથી ભરપૂર ચતુર્ગતિરૂપ સંસારમાં જીવો ભાગ્યપણે પુત્ર-પણે ઉત્પન્ન થાય છે, તેને મોહ દશાના જોરથી જીવ પોતાના ગણી તેના મરણથી દુ:ખી થાયછે. પણ વસ્તુત: જો વિચારીએ તો કોઇ કોઇનું સગું નથી. સૌ સ્વાર્થનું સગું છે, અને આપણા ઘેર જે પુત્ર અગર પુત્રીઓ ઉત્પન્ન થાયછે. તેમનું જેટલા વર્ષનું આયુષ્ય હોયછે, તેટલાં વર્ષ પુરાં થયે જીવ મૃત્યુ પામી બીજી ગતિમાં જાયછે, ત્યારે અજ્ઞાન દશાથી તે છોકરાનાં માતા પીતા તેને સંભળી રૂદન કરેછે કુટેછે, દૈવને ઠપકો આપે છે, અને શોકસાગરમાં ગરક થઇ જઇ ખાતાં પણ નથી. પણ તે મનમાં વિચારતાં નથી કે–આપણા રૂદનથી તે છોકરો યા છોકરી શું પાછાં આવવાનાં છે? ના, આવવાનાં નથી તેમનું જેમ મરણ થયું, તેમ આપણું પણ

એક વખત થવાનું છે, આ સંસારમાં દેહધારી કોઇ અમર રહેવાનું નથી. આપણા જેવા હજારો મનુષ્યોને કાળે ભક્ષણ કર્યા તો આપણે કોનું રૂદન કરીએ. વળી મનમાં વિચારવું કે-તમે જ્યારે જન્મ્યા ત્યારે શું તે છોકરા, યા, છોકરીને સાથે લેઇને આવ્યા હતા? ના આવ્યા નથી. તો શું હવે કોઇ સર્વે સગાં વહાલાંને સાથે લેઇ જશે કે? ના કદી લેઈ જનાર નથી. તો ફોગટ રોવા કકળવાથી શું થવાનું છે, ઉલટું રોવા કકળવાથી કર્મનો બંધ થાય છે, અને સંસારમાં ભટકવું પડેછે. આપણાજ વિચાર કરીએ આપણે પરભવમાં કોઇના ત્યાં અવતર્યા હશું. અને ત્યાંથી આપણે મરણ પામી અહીં આવ્યા ત્યારે તે ભવનાં સગાં વહાલાં આપણું નામ યાદ કરી રૂદન કરતાં હશે, યા, શોક કરતાં હશે, તેથી શું આપણે ત્યાં જઈ

શકીશું ખરા ? ના કદી જવાના નથી તો ફરી તેવી રીતે આપણે ઘેર જે મરણ પામ્યો. તેને યાદ કરી રોવાથી શું સાર કાઢવાના; ના કંઇ નહીં. અને તેથી મરનાર કદી પાછો આવનાર નથી. ભવ્યો વિચારો સાંજની વખતે એક ઝાડ ઉપર ઘણાં પંખી ભેગાં થાયછે, અને સવારનો પહોર થતાં કોઇ-કોઇ દિશામાં અને કોઇ-કોઇ દિશામાં એમ સર્વ પંખી જતાં રહેછે, તેમ આપણે કર્મનઃ વશથી એક ઘેર ઉત્પન્ન થયા છીએ. પણ આયુષ્ય પૂર્ણ થએ છતે સૌ પોતપોતાના કર્યા કર્મ પ્રમાણે અપરગતિમાં ચાલ્યા જવાના, તે કોઇથી મિથ્યા થવાનું નથી, એમ મનમાં વિચારી દરેક માણસે શોક દુર કરવો જોઇએ.

વળી મનમાં વિચારવું કે, મહાવીર સ્વામી જે વખત મરણ પામવાના હતા. તે

વખતે ઇંદ્રે કહ્યું કે હે ભગવન્ આપ જરા આયુષ્ય વધારો તો તમારી પાછળની સંતતિને સુખ થાય, ત્યારે ભગવંતે કહ્યું કે- કોઈ પણ તીર્થંકરથી આયુષ્ય વધાર્યું વધતું નથી, એવા કર્મના પરીણામ છે; વિચારો કે ભાઇ ત્યારે આપણાં સગાં વહાલાં શી રીતે આયુષ્ય પૂર્ણ થએ છતે વધારે જીવા શકે- માટે આપણાં સગાં સંબંધીના મરણથી રૂદન કરવું તે અજ્ઞાન છે, આપણા ઘેર એક પરૂણો આવ્યો હતો તે ચાલ્યો ગયો, તેથી શોક કરવો તે અજ્ઞાન છે, વળી કોઇ સગું મરણ પામે તે વખતે છાતી કઠણ કરવી. પણ રોવું કકળવું નહિ. બીજાઓને ધીરજ આપવી, કારણ કે રોવા કકળવાથી મરેલ માણસ પાછું આવી શકતું નથી.

કેટલીક વખત તો મરનાર માણસની પાસે મરતી વખતે મૃત્યુ પામવાનો તૈયારી હોય

છે, તેવા વખતે તેનાં સગાં સંબંધી પુત્ર પુત્રી રો કકળ કરી મુકે છે, તેવા વખતે મરનારનું મરણ સમાધિ પૂર્વક થતું નથી અને નવકાર પણ મરતી વખતે સાંભળી શકતો નથી, તેથી મરનારની સદ્‌ગતિ ઘણું કરી થવી દુર્લભ છે, માટે તેવા વખતે રોવું પડતું મુકી સગાં વહાલાંએ નવકાર ચઉસરણ વિગેરે સંભળાવી મરનારનું મન સમાધિમાં રહે અને તેને પાપની નિર્જરા થાય તેમ કરવું જોઇએ.

મરનારનું મૃત્યુ સમાધિ પૂર્વક થાય એમ જે પુત્ર પુત્રી યા પીતા માતા કરેછે, તે તેનાં ખરાં સગાં વહાલાં છે.

મરતી વખતે આત્માને દુઃખ થાયછે માટે તેવા વખતે વૈરાગ્યકારી ધર્મની વાતો કરવી યા ઉપદેશ આપવો

## मरण समो नत्थिभयं.

મરણ સમાન કોઈ ભય નથી મરતી વ-

અને દરેકના મનમાં એમ થાયછે કે હા અરે મેં કઈ ધર્મ કીધો નહીં, હવે હું ક્યાં જઈશ અરે આ સર્વ દુનીયાની આવીજ અંતે ગાત આવાની અરે મને જે દુ:ખ થાયછે તે એકલો હું ભોગવું છું, બીજું કોઇ મારૂં દુ:ખ લેઇ શકતુ નથી. અરે મેં ધર્મનું સેવન કર્યું નહીં ખાલી હાથે જાઉંછું, જો હવે પાછો જીવું તો અવશ્ય રાત્રી દીવસ ધર્મ કર્યા કરૂં પણ કદાપિ મરણ થકી બચી શકે તો પાછો જીવ ભુલી જાયછે અને પાછો સંસારમાં લપટાય છે અને અંતે મૃત્યુના વશ થાયછે, નાના છોકરાથી માંડીને ઘરડા પર્યંત કોઇને મરણું સારૂ લાગતું નથી, સૌ જીવ જીવવું ઇચ્છે છે, કોઇ મરવું ઇચ્છીતો નથી, એમ જ્ઞાની મહારાજા કહેછે ભવ્ય જીવોએ યાદ રાખવું કે દીન પ્રતિદીન આયુષ્ય ઘટતું જાયછે અંતે આ શરીરની શ્મશાનમાં

ખાખ થઇ જશે, અને ચેતન દુર્ગતિમાં જશે ત્યાં કર્યાં કર્મ પ્રમાણે સુખ દુઃખ ભોગવવું પડશે અહીં આપણે ગમે તેવો મોજ શોખ ભોગવીએ, યા ઘોડાઘાડીમાં બેશી લહેર કરીએ પણ અંતે મરણ પછી પાપ પુણ્યનાં ફલ ભોગવવાં પડશે આપણે આંખે દેખાએ છીએ તેમાંની કોઇ પણ વસ્તુ મર્યા બાદ આપણી સાથે આવશે નહીં, જે ધન મહેલ ગાડીઘોડા પુત્ર પુત્રી સ્ત્રી કુટુંબને આપણે પોતાનું કરી માનીએ છીએ અને જેની ચિંતામાં રાત્રી દિવસ આપણે દુઃખી થઇએ છીએ તેમાંનું કોઇ સાથે આવશે નહીં, ચેતન એકલો પરભવ જશે, મરતી વખતે ફક્ત પુણ્ય અને પાપ સાથે આવેછે માટે હે ભવ્ય જીવો આ સંસારમાં પોતાની અમુક વસ્તુ છે એમ માનશો નહીં, સર્વ ક્ષણીક વસ્તુછે.

જેમ નાટકીયા વિચિત્ર પ્રકારનો વેષ લેઇ

એક પુત્ર એક પીતા, એક મા, બેન ભાઈ એમ જુદાં જુદાં રૂપ ધારણ કરી ખેલ ભજવે છે; તેમ તાત્વીક કોઇ કોઈનું સગું નથી તેમ આ સંસારમાં કર્મના વશો કોઇ પુત્ર થયો છે, કોઇ બેન થઇ છે, પણ અંતે તે સર્વ ફના થઇ જવાનું. ચેતન, મોહન વાશથી પોતાનું માની પુત્ર પુત્રીના મરણથી દુઃખી થાય છે. પણ તત્વથી વિચાર કરતાં કોનો શોક કરવો, અનાદિ કાળથી કર્મના યોગે ચેતન, જન્મ ધારણ કરી, અનંતિવાર પુત્ર પણે ઉત્પન્ન થયો, અનંતિવાર પીતા પણે ઉત્પન્ન થયો, અને પોતાના હાલ પીતા છે તે પુત્ર પણે ઉત્પન્ન થયા, અને માતા તે સ્ત્રી પણે ઉત્પન્ન થઇ. આ ચેતને ચોરાશી લાખ જીવાયોની ભમી, દરેક જીવની સાથે અનંતિવાર સગપણ કર્યા, અને હજી કર્મના યોગે કરશે. અને જન્મ મરણે કરી ભયંકર

દુઃખ પામશે. માટે વિચારો કે. હવે કોના મરણથી શોક કરવો. ખરો શોક તો એમ કરવો કે હે ચેતન તું હજી સંસાર ચક્રમાં દુઃખી થાય છે તોપણ આ સંસારને સાર ગણે છે. જેમ કોઇ માણસને પીળીયો (કમળો) થયો હોય તે સર્વ વસ્તુને પીળી દેખે. તેમ હે ચેતન તું મોહના વશથી સર્વ વસ્તુને પોતાની માને છે. તારી શી ગતી થશે. રાજા હોય યા રંક હોય, શેઠ હોય પણ કર્યાં કર્મ કોઇને છોડતાં નથી. માટે તું ધર્મ કરવા તત્પર થા મરણ પામવું એ કદાપીકાળે છુટનાર નથી, માટે હવે શોક કરીશ નહીં.

## દુહા.

દેહ ધારી મનુષ્યને, મૃત્યુ છે એક દીન.
તો શું પાપારંભમાં, ચેતન રહે છે લીન. ૧
દશ દ્રષ્ટાંતે દોહીલો, મનુષ્ય જન્મ અવતાર

મોટા પુણ્યે પામીને, ધર્મ હૃદયમાં ધાર. ૨
આવી અચાનક મૃત્યુ બાજ, ભક્ષણ કરશે પ્રાણ
મોહ્યો શું સંસારમાં, ધર્મ હૃદયમાં આણ. ૩
મૃત્યુભય તુજ શીર છે, શું તું મન મકલાય;
અથાર આ સંસારમાં, તારૂં કંઇ નહી ભાય ૪
તારૂં તારી પાસ છે, તેનો કર તું શોધ;
શુદ્ધ ગુરૂ સંયોગથી, પામીશ આતમ બોધ. ૫
કર્મ વશે આ આતમા, ભવમાંહી ભટકાય;
પડેરી પદગલ વેષને, જન્મ મરણ દુઃખપાય ૬

શું બીજાના મરણથી આપણે શોક કરીએ છીએ, ત્યારે શું તેમ આપણને પણ મરણ (મૃત્યુ) છોડનાર છે? ના! કદી છોડનાર નથી જેટલા શરીર ધારી જીવો છે એકેંદ્રીથી તે દેવતા મનુષ્ય તીર્યંચ નારકી પંચેદ્રિ પર્યંત અવશ્ય તે સો જીવોને એક દિવસ મરવાનું છે. તો શોક કરવાથી શું થવાનું છે, બીજાના મરણનો શોક કરે છે તેમ શું તારૂં મૃત્યુ

નથી થવાનુ ? હા અલબત થશે. તો હવે વીચાર કે કોના મૃત્યુનો શોક કરવો, મૂઢ મનમાં જરા વિચાર કે મૃત્યુ થાય છે તેનું શું કારણ છે, ઉત્તરમાં કર્મ. તો તે કર્મનો નાશ કરવા ઉદ્યમ કર. વીતરાગ ભગવતે કહેલા ધર્મનું શેવન કર તો અંતે મૃત્યુ અને જન્મના દુઃખમાંથી વિરામ પામી અજરામર પદ જે મોક્ષસ્થાન તેને પામીશ પાપારંભમાં હે ચેતન તું લીન રહે છે. પણ તેથી ભવિષ્યમાં દુઃખી થઇશ

દશ દ્રષ્ટાંતે કરી દુર્લભ મનુષ્ય જન્મ મોટા પુણ્યે પામી, હે ચેતન જૈન ધર્મ હૃદયમાં ધારણ કર વારંવાર પંચમ કાળમાં પણ આવી ધર્મની જોગવાઈ મળી છે તેવી બીજી વાર જો ધર્મ કરીશ નહી તો જોગવાઇ મળવી દુર્લભ છે.

હે ચેતન મૃત્યુરૂપી બાજ અચાનક આવી

તારા પ્રાણનું ભક્ષણ કરશે, શું તે તું વીસરી ગયો. આ અથીર સંસારમાં મોહ કરવો તે અજ્ઞાન છે.

હે ચેતન આ મનુષ્ય શરીર ધારણ કર્યું છે તેનો એક દિવસ ત્યાગ કરવો પડશે અને તારી સાથે કંઈ આવશે નહીં. મારૂં મારૂં કરતો તું ફરેછે પણ પરવસ્તુમાં તારાપણું કંઇ નથી. તારૂ તત્ત્વ બુદ્ધિથી વિચારે તો તારી પાસેછે તેનો સદ્ગુરૂ યોગે શોધ કરતાં તું આત્મ સ્વરૂપ ઓળખીશ આત્મા અરૂપીછે, કર્મ જડછે. શરીર જડછે, શરીર પુદ્ગળી વસ્તુ છે રૂપીછે તેનો સંયોગ આત્માને અનાદિ કાળથી થયોછે ભવી જીવને કર્મ સંયોગ અનાદિ સાંત ભાંગેછે. અભવીને કર્મ સંયોગ અનાદિ અનંત ભાંગેછે એ કર્મના સંયોગે કરી આત્મા ચાર ગતિમાં ભટકે છે કર્મનો નાશ થતાં આત્મા અજરામ

મોક્ષ સ્થાન પામી શાસ્વત સુખ પામે અને અનંત જ્ઞાન તથા દર્શનનો ભોક્તા થાય જેમ મનુષ્ય વિવિધ જામા પહેરે છે. અને ઉતારેછે તેમ કર્મના વશથાં આત્મા અનેક શરીર ધારણ કરેછે, વળી તેમાંથી નીકળી કર્મના યોગે બીજા શરીરમાં પેસેછે એમ અનાદિ કાળથી થયા કરેછે પણ પાર આવ્યો નહીં સર્વ જીવ આયુષ્ય ક્ષય થયે છતે કર્મ યોગે બીજુ શરીર ધારણ કરે છે તેમ આપણાં સગાં વાહાલાં મા બાપ પુત્ર પુત્રી સ્ત્રી પણ આયુષ્ય પુરૂં થયા બાદ બીજુ શરીર ધારણ કરેછે. તો તેમાં કોનો શોક કરવો જો પુદગલનો શોક કરીએ તો પુદગલ જડછે માટે તેનો શોક કરવો અયુક્તછે જો તે શરીરમાં રહેનારા જીવનો શોક કરીએ તો તે જીવ એ શરીરમાંથી નીકળી બીજા શરીરમાં ઉત્પન્ન થયો. તેમ આપણે પણ

થવાનુંછે માટે શોક કરવાથી કંઇ વળવાનું નથી આ અસાર સંસારમાં એક ધર્મનું સેવન કરવું તેજ સારછે, અને તે ધર્મથી આપણું હિત થશે અને પરભવ સારી ગતિમાં જઇશું જો અધર્મ સેવન કરીશું તો નરક તિર્યંચ ગતિનાં દારૂણ દુઃખ ભોગવવાં પડશે માટે ચેતન ધર્મ હૃદયમાં ધાર અનેક ભવમાં પુત્ર પુત્રી સ્ત્રી માનાં મરણ થયાં તેમ આ ભવમાં પણ એક વિશેષ થયું તેથી શોક શો કરવો.

આ સંસારમાં સ્ત્રી ધન પુત્રના મોહે જીવ તેમાં સુખ માની છકાયના જીવની હિંસા કરેછે જુઠું બોલેછે ચોરી કરેછે મહા પાપનાં કામ કરેછે પણ તેમાં તત્વ બુદ્ધિથી વિચારે તો સુખના બદલે ઉલટું દુઃખજછે.

વીજળીના ઝબકારાની પેઠે હાથીના કાનની પેઠ સંધ્યા રાગની પેઠે પાણીના પ-

રપોટાની પેઠે લક્ષ્મી વિનાશી છે, કોઈની સાથે લક્ષ્મી ગઇ નથી અને જવાની નથી ફક્ત મમતાથી દુઃખી થવાનું છે.

જે સ્ત્રીને આપણે પ્યારી માનીએ છીએ તે આપણી નથી કપટનું ઘરછે તેનું શરીર દુર્ગંધથી ભર્યુંછે નાકમાંથી લીંટ વહેછે જેવું સ્ત્રીનું શરીર બાહિરથી દેખાયછે તેવું અંદર નથી તેના શરીરમાં વિષ્ટા કીડા મળ મૂત્ર, રૂધિર, માંસ, પરૂ ભર્યુંછે. તેના શરીરમાં રહેલો જીવ જુદોછે. આપણા શરીરમાં રહેલો જીવ જુદોછે તેનો આપણો નથી તેનું શરીર આપણું નથી તો તેના ઉપર કઈ બાબતનો મોહ રાખીએ અલબત કંઇ પણ મોહ રાખવો નહિ એ સ્ત્રી કોઇ વખતે વ્હાલા ધણીને પણ મારી નાખેછે.

પુત્ર ઉપર પણ મોહ રાખવા જેવું નથી અને તેના મરણથી શોક કરવો નહીં કારણ

કે—આપણો પુત્ર માનવામાં આવેછે તે મોહથીછે એ પુત્રની મમતાથી આપણે તેના સાર સંભાળ કરવામાં આપણી જીંદગી ગાળીએ છીએ પણ જો તે હયાતીમાં મરી જાય યા આપણું કહ્યું કરે નહિ તો તેથી અંતે દુઃખીને દુઃખી થવાનું સુજ્ઞો-યાદ રાખો કે સુખ આત્મામાં રહેલું છે, પર વસ્તુથી સુખ થતું નથી.

## संसारमां दुःख.

હે ભવ્યો સંસારમાં તત્ત્વ બુદ્ધિથી વિચારી જોશો તો દુઃખ વિના કશું બીજું નથી જે પુરૂષો રાજ્ય રૂદ્ધિ હાથી ઘોડા ગાડી ધન ઈત્યાદિની વૃદ્ધિ કરવા હરરોજ પ્રયત્ન કરેછે તે પાપથી ભારે થાયછે અને અંતે નરકમાં પડેછે અને વિવિધ પ્રકારનાં નરકનાં દુઃખ ભોગવે છે; શ્રી ઉત્તરાધ્યયન

સૂત્રમાં મૃગા પુત્રના અધિકારમાં નરક દુઃખનું બ્યાનછે તે નીચે મુજબ અધ્યયન ૧૯ મું.

गाथा

जरा मरण कंतारे,
चाउरंते भयागरे;
मएसो ढाणिभीमाणि,
जम्माणि मरणाणिय. ॥ १ ॥
जहा इहं अगगिओण्हो,
इत्तोणंत गुणोतहिं;
नरहसुवेयणा ओण्हो,
अस्सा या वेइयामए ॥ २ ॥
जहाइहं इमंसीयं,
इत्तोणंत गुणोतहिं;
नरहसु वेयणासीया,

अस्साया वेइयामए. ॥ ३ ॥
कंदंतो कंदकुंभीसुं,
एढुयाओ अहोसिरो;
हुयासणेजलंतंमि,
पक्क पुव्वो अणंतसो ॥ ४ ॥

ઇત્યાદિભાવાર્થ—જરા મરણરૂપી અટવીને વિષે ચાર ગતિરૂપ સંસારને વિષે ભયંકર જન્મ મરણનાં દુઃખ સહન કર્યાં. આ લોકમાં અગ્નિ ઉષ્ણ છે તેના સ્પર્શ થકી અનંતગુણી નરકને વિષે ઉષ્ણ વેદના ભોગવી નરકમાં બાદર અગ્નિ નથી તોપણ ત્યાં પૃથ્વીનોજ તે પ્રમાણે ઉષ્ણ સ્પર્શ છે. જેમ આ મનુષ્ય લે.કમાં પ્રત્યક્ષ સ્પર્શ છે તેના કરતાં અનંતગુણી શીતવેદના નરકમાં નારકીના જીવોને છે. તે મેં ભોગવી નરકમાં કુંભી પાકની દારૂણ વેદના ભોગવી.

વળી લોહની કડાઇમાં પરમાધામીઓએ નાં-ખ્યા છતાં અત્યંત વેદના ભોગવી ઇત્યાદિ ભયંકર દુઃખ નરકનાં ભોગવ્યાં. તિર્યંચની ગતિમાં ક્ષુધા, તૃષા, તાડ, તાપ, છેદન, ભે-દનનાં દુઃખ સહન કર્યાં. દેવતાની ગતિમાં પણ વિષય સુખમાં આસકત થયો છતો. એક બીજા દેવની સ્ત્રી હરણ કરી પરભા-વમાં રમ્યો. તણ તાત્વીક કંઇ સુખ મળ્યું નહી. મનુષ્યની ગતિમાં પણ કાય, કલેશ, રોગ, શોક, અજ્ઞાન, તાડ, તાપ, આધિ, વ્યાધિ, અને ઉપાધિથી ખરૂ સુખ નથી, ખરૂં સુખ મોક્ષમાં છે, ચતુર્ગતિરૂપ સંસાર દુઃખમય છે. જે સંસારનો ત્યાગ કરી આ-તમહિત ચિંતવે છે. એવા મુનીશ્વરોને ધ-ન્ય છે. તીર્થંકર ચક્રવતિ રાજા અને ધન પતિયોએ પણ આ અસાર સંસારનો ત્યાગ કરી અંતે મુનિમાર્ગ આદર્યો છે, સ્ત્રી, ધન,

પુત્રની મમતાથી કેવલ દુઃખજ છે; વિચારે કે પારકી વસ્તુથી કદાપિકાળે સુખી થવાશે નહિં, ગધેડાના ઉપર કસ્તુરીની ગુણ તથા હીરા માણેકની ગુણ ચઢાવીએ, ત્યારે ગધેડા જાણે કે એ મારૂં છે. પણ તે તેનું નથી, તેમ પરવસ્તુના સંયોગથી આપણે મમતા કરીએ છીએ, પણ તેમાં આત્માનું કંઇ નથી, માટે આફતના વખતમાં વિપત્તિ સમયે સગાંવહાલાંના મરણથી વિચારવુ કે-હે ચેતન તે મરી ગયો. તે તારાથી રાખ્યો રખાય તેમ નથી, તો ફોગટ કેમ અધીરો થાય છે, તારે અને તેને એટલોજ સંબંધ હતો, શોક કરવાથી અગર રોવાથી તારૂં કંઇ વળવાનું નથી. સંસારની અસારતા મનમાં ભાવ, તારૂ સગું મરણ પામવાથી તું જેમ દુઃખ કરે છે, તેમ બીજા કેમ કરતા નથી. તેનં કારણ એ છે

કે બીજા મનમાં એમ જાણે છે કે તે મારો સગો સંબંધી નથી, તેથી ન દુ:ખ અગર શોક થતો નથી. અને તેં તારૂ માન્યું છે. તેથી દુ:ખી થઇ શોક કરી કર્મથી ભારે થાય છે, માટે રોવું, શોક કરવો. તેનો ત્યાગ કર. અને છાતી કઠણ કરો. ધર્મ ધ્યાન હૃદયમાં ધારણ કર. પુત્ર અગર પુત્રીના મરણથી શોક કરવો, તે અજ્ઞાન છે. મનમાં નિશ્ચય કરી જાણવું કે, સ્વપ્નવત આ સંસાર છે નાટકીયાના નાટક જેવું સંસાર સ્વરૂપ છે. ઇંદ્રજાળની પેઠે આ સંસારના પદાર્થ છે.

પ્લેગ અગર કોલેરાની ભયંકર બીમારીમાં માણસોનો ઘાણ નીકળી જાય છે, તેવા વખતે કોઇ કુંટુબમાં મરણ પામ્યો હોય તો તે વખતે મજબુત હૈયું કરવું, પણ બાવરા બનવું નહિં જે બનવાનું હોય છે

તે મિથ્યા થતું નથી, માટે શોક ચિંતા કરવી નહિ તેવા વખતે કોઇ પુત્રનું મરણ થયું હોય તો તેથી શોક કરવો નહિ. જુઓ **સગર ચક્રવર્તિના** સાઠ હજાર પુત્રો મરણ પામ્યા, તે વખતે બનેલો બનાવ નીચે મુજબ-

પૂર્વે—અયોધ્યા નગરીમાં ઇક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થએલ જીત શત્રુ નામનો રાજા રાજ્ય કરતા હતો, તેમની વિજયા સ્ત્રી નામની હતી સુમિત્ર નામનો જીત શત્રુ રાજાનો સહોદર યુવરાજ હતો તેને યશોમતી નામની સ્ત્રી હતી. જીત શત્રુ રાજાની રાણી વિજયાએ ચઉદ સ્વપ્ને સુચિત પુત્ર પ્રસવ્યો, તેનું નામ અજીત પાડયું, તે અજીતનાથ નામના બીજા તીર્થંકર જાણવા સુમિત્રની સ્ત્રી યશોમતીએ ચક્રવર્તી પુત્રનો જન્મ આપ્યો તેનું નામ સગર પા-

કવામાં આવ્યું બે પુત્ર યાૈવન વય પામ્યા જીત શત્રુ રાજાએ પોતાની રાજ્ય ગાદી ઉપર અજીત કુમારને સ્થાપન કર્યા અને યુવરાજ પદવીએ સગરને સ્થાપન કર્યા શ્રી અજીતનાથ ભગવંતે કેટલોક કાળ રાજ્યને પાળી સ્વરાજ્યે સગરને સ્થાપન કરી દીક્ષા ગ્રહણ કરી સગર ચક્રવર્તિપણે પ્રસિદ્ધ થયા અને છ ખંડનું રાજ્ય પાળેછે એક રાણીના ઉદરથી સાઠ હજાર પુત્ર ઉત્પન્ન થયા, તે સગર ચક્રવર્તિના સાઠ હજાર પુત્રમાંથી મોટો જન્હુ કુમાર નામે પુત્ર હતો જન્હુ કુમારે સગર ચક્રવર્તિનું મન કોઈ વખતે પ્રસન્ન કર્યું તેથી પ્રસન્ન થઇ સગર રાજાએ જન્હુ કુમારને કહ્યું કે, તમને જે ગમે તે વર માગો, ત્યારે જન્હુ કુમારે કહ્યું કે—હે તાત મને એટલી અભિલાષા છે કે હું ચઉદ રત્ન સહીત સર્વ ભાઇઓ સહીત અખિલ પૃથ્વીમાં

વિચરૂ ( ફરૂ ) સગર ચક્રવર્તિએ તે વાત
કબુલ કરી સુભ મુહુર્તે પ્રયાણ શરૂ કર્યું સ-
કલ સૈન્ય સહીત અનેક દેશમાં ભમતાં થકા
અષ્ટાપદ પર્વત સમીપ જન્હુ કુમાર આવ્યા
સૈન્ય નીચે રાખીને પે તે અષ્ટાપદ પર્વત ઉ-
પર ચઢયા ત્યાં ભરત રાજાએ કરાવેલ મણિ
સુવર્ણમય ચોવીશ જીનનું દેરાસર દેખી ત્યાં
ચોવીસ તીર્થંકરની ચોવીસ પ્રતિમાને વંદન
કરી જન્હુ કુમારે મંત્રીને પુછ્યુ કે, હે મંત્રિ,
કયા ભાગ્યવંતે અતિ મનોહર આ જીન ભ-
વન કરાવ્યું છે, ત્યારે મંત્રિએ કહ્યું કે શ્રી
ભરત ચક્રવર્તિએ કરાવ્યું છે એમ સાંભળી
જન્હુ કુમાર બોલ્યા, હે મંત્રી, બીજો કોઈ
અષ્ટાપદ પર્વત સરખો પર્વતછે કે જ્યાં આ-
પણ બીજું આવું ચૈત્ય કરાવીએ, ચાર દિ-
શાએ તેવો પર્વત જોવા પુરૂષો મોકલ્યા; તે
પુરૂષો સર્વ ઠેકાણે ભમીને આવ્યા અને કુ-

હેવા લાગ્યા સ્વામી અષ્ટાપદ પર્વત સરખો બીજો કોઇ પર્વત નથી, જન્હુ કુમારે કહ્યું કે-ત્યારે તો આ તીર્થની રક્ષા કરવી તે ઠીક છે, કારણ કે ભવિષ્ય કાળે લુબ્ધ મનુષ્યો થશે માટે પૂર્વે કરેલું તેનું રક્ષણ કરવું તે ઠીકછે, આ અષ્ટાપદ પર્વતની આસપાસ ખાઈ કરી હોય તો તેથી તીર્થનું રક્ષણ થશે, એમ વિચારી જન્હુ કુમાર પ્રમુખ સર્વે કુમાર દંડ રત્નથી પૃથ્વી ખોદવા લાગ્યા દંડ રત્ન હજાર યોજન પૃથ્વી ભેદીને નાગ વનમાં પ્રાપ્ત થયું; દંડ રત્ને કરી ભેદાએલા વન દેખી નાગ કુમારો શરણ ખોળતા નાગરાજ જ્વલન પ્રભાની સમીપે સર્વ વૃત્તાંત નિવેદન કર્યું તે પણ અવધિ જ્ઞાનવડે કરી જાણીને ક્રોધાંધ થયો છતો સગર સુતની પાસે આવી કહેવા લાગ્યો, કે અરે તમોએ દંડ રત્ને કરી પૃથ્વી ખોદીને અમોને કેમ ઉપદ્રવ કર્યો;

તમોએ અવિચાર્યું કર્યું છે ત્યાર બાદ જન્હુ કુ-
મારે નાગરાજને શાંત્વન કરવા આ પ્રમાણે
કહ્યું, હે નાગરાજ પ્રસાદ કરો અમારો
એક અપરાધ માફ કરો ક્રોધનો ત્યાગ કરો
અમોએ તમોને ઉપદ્રવ નિમિત્તે એમ કર્યું
નથી, પણ અષ્ટાપદ પર્વતની રક્ષાને માટે
આ ખાઈ ખોદીછે હવેથી એમ કરીશું નહીં
એમ કહ્યા બાદ શાંત થઇ જવલન પ્રભ
નાગરાજ પોતાને સ્થાનકે ગયો.

જન્હુ કુમારે ભાઇઓને આ પ્રમાણે કહ્યું
કે આ ખાઇ દુઃખે ઓળંગાય એવી છે. પણ
જલ વિના શોભતી નથી, માટે આમાં પાણી-
લાવવું એમ ધારી દંડ રત્ને કરી ગંગા ન-
દીનો પ્રવાહ ખાઇમાં વાળ્યો, ખાઇ ભરાણી
તે પાણી નાગવનોમાં પેઠું નાગ નાગિનીઓ
નાસવા લાગી, એવામાં આ વૃત્તાંત અવધિ
જ્ઞાનોપયોગે જલવન પ્રભે જાણ્યું બહુ

ક્રોધ કરી વિચારવા લાગ્યો કે, અરે એ પાપી જન્હુ કુમાર પ્રમુખનો એક અપરાધ સહન કર્યો તો પણ તેથી અધિક ઉપદ્રવ કર્યો. માટે તેમનું ફળ દેખાડું નાગરાજે જેની આંખમાં વિષ રહેલું છે, એવા મોટા ફણીધરો મોકલ્યા તેમને સાઠ હજાર કુમારોને બાળી ભસ્મ કર્યા ભસ્મી ભૂત થએલા સર્વે સગર રાજાના પુત્રોને જોઈ સૈન્યમાં હાહાકાર થયો મંત્રીએ કહ્યું એ સર્વે તીર્થની રક્ષા કરવામાં મરણ પામ્યા માટે તેમની સારી ગતિ થશે, માટે કેમ શોક કરવો અહિંથી જલદી પ્રયાણ કરો અનુક્રમે નગર સમીપે આવ્યા.

સામંત અમાત્યોએ વિચાર્યું કે—પુત્રોનું મરણ આપણાથી શી રીતે કહી શકાય, તે પુત્રો મરણ પામ્યા અને અમે જીવતા આ-વ્યા એમ કહેવું ઠીક લાગતું નથી, માટે સર્વે અગ્નિમાં બળી મરીએ, એવો વિચાર

કરેછે એટલામાં તેમની પાસે એક બ્રાહ્મણ આવ્યો, તેણે કહ્યું કે હે વીરો કેમ વિષાદ કરોછો હું સગર ચક્રવર્તિ આગળ પુત્ર વધ વૃત્તાંત કહીશ સામંતોએ તેનું કહ્યું કબુલ કર્યું તે બ્રાહ્મણે એક મરેલું બાળ લેઇ વિલાપ કરતો ચક્રી પાસે ગયો અને વિલાપ કરવા લાગ્યો.

સગર—હે બ્રાહ્મણ તું કેમ રૂદન કરેછે?

બ્રાહ્મણ—અરે મારે એકનો એક છોકરો હતો તેને સર્પ ડસ્યો, તેના દુઃખથી હું વિલાપ કરૂંછું, હે કરૂણા સાગર મારા છોકરાને જીવાડ.

આ અવસરમાં ત્યાં મંત્રી સામંત વિગેરે આવ્યા, તે પણ યથા યોગ્ય આસને બેઠા. ચક્રીએ રાજવૈદ્યને બોલાવી કહ્યું કે, આ છોકરાને નિર્વિષ કરો વૈદ્ય ચક્રી સુત મરણ વૃત્તાંત જાણતો હતો તેણે કહ્યું કે—હે રાજન્

જેના કુળમાં કોઈ મર્યો ના હોય તેના કુ-
ળમાંથી ભસ્મ મંગાવો તો હું એને સજીવન
કરૂં ! બ્રાહ્મણે દરેકના ઘેર ભમી એવી ભ-
સ્મ માગી, પણ કોઈના ત્યાંથી મલી નહીં
કોઇ એમ કહેવા લાગ્યું કે મારો પુત્ર મરી
ગયોછે કોઈ કહેવા લાગ્યું કે, મારાં માબાપ
મરી ગયાં છે પણ મરણ વિનાનું કોઈનું
કુળ દીઠું નહીં.

બ્રાહ્મણ દરેકનાં ઘેર ભમી પાછો ચક્રવર્તિ
પાસે આવ્યો અને સગર ચક્રવર્તિને કહેવા
લાગ્યો કે હે રાજન્, વૈદ્યે કહી તેવી ભસ્મ
મળતી નથી, કારણ કે કોઇનું કુળ એવું
નથી કે જ્યાં મરણ થયા વિના રહ્યું હોય.

સગર ચક્રવર્તિ—જ્યારે એમ છે ત્યારે
શોકમાં કર જગત્માં એવું કોઇ નથી કે જેનું
મરણ થયા વિના રહે માટે હે બ્રાહ્મણ
રૂદનમાં કર શોક મુક આતમહિત ચિંતવ શું

તું પણ મૃત્યુરૂપી સિંહવડે કરી કોળીયા ભૂત નથી થવાનો કે શું ?

બ્રાહ્મણ—હે દેવ હું પણ જાણું છું પણ મારા પુત્રના મરણથી મારા કુળનો ક્ષય થયો તેથી અત્યંત હું દુઃખી થાઉછું તમે અનાથ વત્સલછો, માટે મને પુત્ર જીવિત દાનરૂપ ભિક્ષા આપો.

સગર ચક્રવર્તિ—હે ભદ્ર અશક્ય પ્રતિકાર છે. કોઇનાથી મરેલ માણસ સજીવન કરાતું નથી માટે શોકનો ત્યાગ કરી પરલોકનું હિત ચિંતવ મુર્ખ માણસ મરેલાનો શોક કરેછે.

બ્રાહ્મણ—હે મહારાજ આપે સત્ય કહ્યું પિતાએ આ બાબતમાં શોક કરવો નહિ તો તમે પણ શોક માં કરો.

સગરચક્રી—હે બ્રાહ્મણ મારે શોક કરવાનું શું કારણ થયુંછે.

બ્રાહ્મણ—હે દેવ તમારા સાઠ હજાર પુત્રો મરી ગયા.

ચક્રી આ પ્રમાણે સાંભળીને મુર્છા પામ્યો સિંહાસનથી નીચે પડી ગયો સેવકોએ ઉપચાર કરી સાવધાન કર્યા ચક્રી મોહ વશ થઇ રૂદન કરવા લાગ્યો ને વિલાપ કરવા લાગ્યા હા મારા હૃદયને પ્યારા હા વિનયવંત પુત્રો કેમ મને અનાથને મુકીને તમે ચાલ્યા ગયા. હા દૈવ નિર્દય તેં એકી વખતે મારા સર્વ છોકરાને મારી નાંખ્યા હા ધિક હૃદય અસહ્ય પુત્ર મરણ દુઃખથી તારા સો કકડા કેમ થઇ જતા નથી.

બ્રાહ્મણ—હે રાજન્ હાલ તમે મને ઉપદેશ આપતા હતા. તો તમે કેમ રૂદન કરો છો હે રાજા પંડિત પુરૂષો આવા પ્રકારનું સંસારનું અનિત્ય સ્વરૂપ જાણીને તેનો શોક કરતા નથી સંસારમાં સૌનુ મરણ છે તો

તમે કેમ રૂદન કરોછો તમારા પુત્રો મરણ પામ્યા તે હવે કંઈ પાછા આવવાના નથી તો શા કારણથી શોક કરવો જોઇએ કર્મના વશથી જીવ ચોરાશી લાખ જીવા યોનીમાં વારંવાર ઉપજે છે અને ચવેછે તેમ તમારા પુત્રપણે તે સાઠ હજાર જીવો ઉત્પન્ન થયા તેમ કર્મયોગે મરણ પામ્યા આપણે પણ કોઇ વખતે મરણ પામીશું માટે પંડિત પુરૂષોને શોક કરવો લાયક નથી ઇત્યાદિ વૈરાગ્ય ઉપદેશથી સગર ચક્રવર્તીનો શોક નિવારણ કર્યો એ કથા ઉતરાધ્યયનના અઢારમા અધ્યયનમાં છે ત્યાંથી વિશેષ અધિકાર જીજ્ઞાસુઓએ જોઇ લેવો સુલસાના બત્રીશ પુત્રો મરણ પામ્યા તેથી સ્ત્રી ભરતારને બહુ દુઃખ થયું પણ તે કંઇ પુત્રો પાછા આવ્યા નહિ. અંતે શોક મુકયો તેમ દરેક માણસે સગાં વહાલાંનો ત્યાગ કરવો જોઇએ.

## દુહા.

એક દિન આ દેહનો, નાશજ થાશે ભાઇ;
એહ અથિર સંસારમાં, છે નહીં કોઇ સખાઈ. ૧
મરવું સૌને શીર છે, એવુ હૃદય વિચાર;
ચેતી શકે તો ચેતલે, ધર્મ હૃદયમાં ધાર ૨
રંક રાજા બાલ વૃધ, સૌ મૃત્યુ આધીન;
મારૂં મારૂં શું કરે, જાવું છે એક દીન ૩

એક દિવસમાં સુર્યની ત્રણ અવસ્થા થાય છે. તો આપણી એક સરખી અવસ્થા શારીતે રહી શકે. જુઓ આપણે બાલ્યા અવસ્થા ભોગવી. તેમ હાલ યુવા અવસ્થા ભોગવી અંતે વૃધાધ્યવસ્થા બાદ મૃત્યુ પામવાના, જેનો જન્મ તેનું મરણ થવાનુંજ મારૂ માનવાથી આપણે શોક, ચિંતા, રૂદન કરીએ છીએ, જે વસ્તુ ઉપરથી આપણો મમતા ભાવ ફિટી જાય છે. તે વસ્તુ નાશ

પામે તો તેથી આપણે દુખી થતા નથી. રાગથી મારૂં છે એમ વાસના થાય છે. દ્વેષ ભાવથી અમુક મારો શત્રુ છે. એમ પ્રત્યય થાય છે.

પ્રશ્ન--આ સંસારમાં કોઇ, રાજાને ત્યાં અવતાર લે છે કોઈ ભીખારીને ત્યાં જન્મે છે. કોઇ જીવ બહેરો જન્મે છે. કોઈ જીવ સર્પ પણે ઉત્પન્ન થાય છે કોઈ જીવ મગર અવતાર પામે છે સંસારમાં કોઇ જીવ સુખી દેખાય છે અને કોઇ જીવ દુઃખી દેખાય છે. તેનું શું કારણ?

ઉતર-સત્ય કારણ કર્મ છે. પાપ કરવાથી જીવ ખરાબ અવતાર પામે છે. અને પુણ્ય કરવાથી સારા અવતાર મળે છે. પાપ કર્મ બાંધેલું ઉદય આવવાથી જીવો દુઃખી થાય છે અને પુણ્ય કર્મ બાંધેલુ ઉદય આવવાથી જીવો સુખી દેખાય છે. સંપૂર્ણ સુખ તો કર્મ

બીલકુલ નાશ પામવાથી થાય છે કર્મ એ આત્માનો મોટો વૈરી શત્રુ છે અને એ કર્મથી આપણે ચાર ગતિરૂપ સંસારમાં ભમીએ છીએ, એ કર્મનો કર્તા પણ જીવ છે અને કર્મનો ભોક્તા પણ જીવ છે. ઇશ્વર કંઇ જીવોને સુખી દુખી કરતો નથી. અને ઇશ્વર કાંઇ જગત બનાવતો નથી. ઇશ્વર જીવને સુખી દુઃખી કરતો નથી, જો ઇશ્વર જીવને સુખ દુઃખકર્તા માનીએ તો તે રાગીદ્વેષી થયો. અને રાગી દ્વેષી હોય તો તે ઇશ્વર કહેવાય નહીં. જૈન શાસ્ત્રોમાં જીવને સુખી દુઃખી થવાનું કારણ કર્મ લખ્યું છે, અને તે પ્રમાણે તીર્થંકર ભગવાન કે જે સર્વ જ્ઞાની છે, તે કહે છે, તે સત્ય છે. જે ઇશ્વરને જગતકર્તા માને છે, તે લોકો અજ્ઞાની અને જુઠા છે. તે સંબંધી વિશેષ ચર્ચા વાંચવી હોય તો અમારી બનાવેલી જૈન ધર્મની સત્યતા

નામની ચોપડી વાંચો.

જૈનાગમમાં કહ્યું છે કે:—

श्लोक.

स्वयं कर्म करोत्यात्मा,
स्वयं तत् फलमश्नुते;
स्वयं भ्रमंति संसारे,
स्वयमेव विनस्यति.
कर्त्ता कर्म भेदानां,
भोक्ता कर्म फलस्य च;
संसर्त्ता परिनिर्वाता,
सह्यात्मा नान्य लक्षणः

જીવને કોઇ બનાવનાર નથી, કર્મનો કર્તા જીવ છે, અને કર્મને ભોગવનાર પણ જીવ છે: અને કર્મના જોરે આત્મા પોતે સંસા-

રમાં ભમે છે, અને આત્માજ કર્મનો નાશ કરી મુક્તિ પામે છે. માટે હે સુજ્ઞો! આ મનુષ્ય જન્મ પામી પાપના આરંભ દુર કરો, સત્ય જૈન ધર્મ સ્વીકારો, અને આ સંસારમાં કોઇ મારૂ નથી, હું કોઇનો નથી, કોઇ પોતાનું થનાર નથી, આ આત્મા એ-કીલો આવ્યો, અને એકીલો જશે. આખા કુટંબના માટે પોતે એકલો પાપ કરે છે, તે પાપ પોતાનેજ ભોગવવું પડશે, કોઇ પાપ વેહેંચી લેનાર નથી, આયુષ્ય દરરોજ ઘટે છે. આશાઓ વધે છે, મોહરાજા મું-ઝાવે છે, મોહની કર્મ એવું બળવાન છે કે મોટા મોટા ત્યાગીઓને પણ ફસાવી દે છે. માટે મોહના વશ થશો નહિ, સત્ય ધર્મની શ્રદ્ધા રાખો, કુદેવ-કુગુરૂ અનેક ધર્મનો ત્યાગ કરો, કારણ કે જો તેના સંગ કરશો અને તેને માનશો તો અનંત સંસાર પામશો.

સત્યદેવ આરહંત છે, સત્ય ગુરૂ પંચમાહ્વા વૃતધારી સાધુ મહારાજા છે, અને સત્ય જૈન ધર્મ છે, જીનેશ્વરની આગ્યા માથે ચઢાવો, પ્રભુ પ્રતિમાની પૂજા કરો, જે લોકો જીનેશ્વર ભગવંતની પ્રતિમાને માનતા નથી. અને પૂજતા નથી, તે લોક અજ્ઞાની છે, તે પણ સંસારમાં ભટકશે, જીનેશ્વર ભગવાનની પ્રતીમા બનાવવી. પૂજવી ઠેકાણે ઠેકાણે જૈન શાસ્ત્રોમાં કહી છે.

ઢુંઢકપંથ હાલ અઢીશો વર્ષ થયાં જૈનમાંથી નીકળ્યો છે, ઢુંઢક ધર્મ કાઢનાર લુંકો નામનો લહીયો હતો માટે તે પણ પ્રમાણ નથી.

કર્મથી રોગી, શોગી, સુખી દુઃખી થઇયે છીએ, જે લોકો જૈની થઇને કોઈ માંદુ થાય ત્યારે હોમ કરે છે, હવન કરે છે, માતા, પીરની માનતા માને છે, તે પક્કા શ્રદ્ધાવાન જૈની નથી. માનતા માનવી એ મીથ્યાત્વીનું

કામ છે, આપણે કર્યા કર્મ પ્રમાણે સુખી દુઃખી થઇએ છીએ, ત્યાં માતા, પીર, હોમ, હવનનું કાંઇ ચાલતું નથી, એ મિથ્યા છે.

કોઈ માણસ માંદો પડયો હોય અને મરવાની તૈયારીમાં હોય તેને પુન્યપ્રકાશનું સ્તવન સંભળાવવું, ગુરૂ મહારાજ જો હોય તો તેમને વિનંતી કરી એ જીવનું હિત થાય તેમ કરવું. યાદ રાખો કે દરેક જીવને મરતી વખતે ઘણું દુઃખ થાય છે.

પ્રશ્ન—ગુરૂ મહારાજ એક શંકા છે કે કોઈ ધર્મવાળા કહે છે કે મરતી વખતે જમડા લેવા આવે છે, તેનો કાળો દરવેશ છે. એના મોટા મોટા દાંત હોય છે, કેમ તે વાત ખોટી કે ખરી.

ઉત્તર—હે ભવ્ય: મરતી વખતે જીવને લેવા જમડા કંઈ આવતા નથી, અને જમડાઓનો કાળો વેષછે. એમ કહેવું તે ખોટું

છે, એ એક ભ્રાંતિ છે કોઇ કહે છે ફલાણા માણસને મરતી વખતે ભગવાને વિમાન મોકલ્યું, તેમાં બેશી ગયો, એ પણ એક ઠંડા પહોરની ગપ્પ છે. શાસ્ત્રમાં તેવું લખ્યું નથી. પણ સમજવું કે-મરતી વખતે જો સારી લેશ્યા હોય તો તે જીવ દેવતા અગર મનુષ્યની ગતિમાં ઉપજે છે, અને જેને મરતી વખતે ખરાબ લેસ્યા હોય તો તે જીવ નરક અગર તિર્યંચની ગતિમાં જાય છે, એમ જૈન શાસ્ત્રમાં લખ્યું છે.

गाथा.

अंत मुहुत्तंमि गए अंत मुहुत्तं मिससए चेवः
लेसाहि परिणयाहि जीवा वच्चंति परलोयं ॥१॥

મનુષ્ય તથા તિર્યંચ તે પરભવની લેશ્યા આવ્યા પછી અંત મુહૂર્ત ગયા પછી મરણ પામે. એટલે આ ભવમાં મરતી વખતે

પરભવની લેશ્યાનું અંત મુહુર્ત ગયા પછી મરણ પામે. જો નરકમાં મરણ પામનાર જીવ જનાર હોય તો તેના મૃત્યુ બાદ અંત મુહુર્તમાં ખરાબ પરીણામ થઇ જાય છે, અને તિર્યંચની ગતિમાં જવાનો હોય તોપણ મરતી વખતે માઠા ( ખોટા ) પરીણામ, વિચાર થાય છે, સારી ગતિમાં મરીને જવાનું હોય તો મરતી વખતે સારા પરીણામ થાય છે, નખ કાળા થવા શ્વાસ વધારે ઉપડવો, એમ મરણ નજીક સુચવે છે, દેવતા તથા નારકી પોતાની મૂળગી લેશ્યાનું અંત મુહુર્ત થાકતું રહે, તે વારે મરણ પામીને પરભવે જાય, ત્યાં ઉપન્યા પછી તે મૂળગી લેશ્યાનું અંત મુહુર્ત ભોગવે, તેમાં પાર્યાધાનું અંત મુહુર્ત નાનું જાણવું. લેશ્યાનું અંત મહુર્ત મોટું સમજવું, તે માટે પર્યાપ્તા અવસ્થા એ પણ પરભવની તેજોલેશ્યા સં-

ભવે. અહીંયાં અંતમુહૂર્તના અસંખ્યતા ભેદ છે.

तिरि नर आगामि भवे
लेस्साए अइगए सुरानिरया।
पुव्व भवलेस्ससेसे
अंत मुहुत्ते मरण मित्ति ॥ १ ॥

ભાવાર્થ—તીર્યંચ તથા મનુષ્ય તે બે આગલા ( આવતા ) ભવની લેશ્યાનું અંત મુહૂર્ત ગયા પછી મરણ પામે. દેવતા તથા નારકી એ બે પૂર્વના ભવની એટલે દેવ તથા નારકીના ભવની લેશ્યાનું અંતર્મુહુર્ત બાકી રહે. તે વારે મરણ પરભવમાં ઉપજે–પરમાર્થ એ છે કે તે લેશ્યાવંત દેવતા પૃથ્વી કાયમાં તથા અપકાયમાં તથા પ્રત્યેક વનસ્પતિ માંહે ઉપજતા તેમને કેટલોક કાળ

તેજોલેશ્યાનો સદ્ભાવ હોય. ઇત્યાદિ ઉત્કૃષ્ટુ અંતમુહૂર્ત ૪૮ મીનીટ એટલે બે ઘડીનું સમજવું, મરનારની જેમ ગતિ સુધરે તેમ વર્તવું.

પ્રશ્ન—જીવ જ્યારે શરીરમાં નીકળે છે. ત્યારે લોકો કહે છે કે, ધર્મ અધર્મનો ન્યાય કરી ધર્મરાજા તેને સુખ દુઃખ આપે છે, કેમ એ વાત ખોટી કે ખરી.

ઉત્તર—હે ભવ્ય જીવ મરીને કંઇ ધર્મરાજાના દરબારમાં જતો નથી. અને ધર્મરાજા ન્યાય કરે છે, તે વાત પણ ખોટી છે. કારણ કે-તેમને કંઈ ન્યાય, ઈન્સાફ કરવાની જરૂર નથી. કર્યા કર્મ પ્રમાણે જીવ પોતેજ સુખ દુઃખ ભોગવે છે. તડકામાં વા અગ્નિની પાસે બેસીએ તો અગ્નિ પોતેજ તાપ આપે છે. કંઇ પરમેશ્વર તાપ આપતો નથી. ખૂબ જમીએ તો તે ભોજન અપચો રોગ ઇત્યાદિ

ફરે છે. તેમ આપણે કર્મ કરીએ છીએ. તેનું ફલ પોતાનેજ ભોગવવું પડે છે. કર્મ આત્માને લાગે છે, અને કર્મ જ્યારે ઉદય આવે છે, ત્યારે તેથી આપણને સારા ખરાબ વસ્તુઓના સંયોગ પ્રાપ્ત થાય છે. અને દુઃખી થઇએ છીએ, ધર્મરાજા ન્યાય કરે છે. તેના દરરોજ ચોપડામાં દરેકના માણસની સારી નઠારી કરણી નોંધવી, એ બધુ ખોટુ છે. જૈનશાસ્ત્રમાં તેમ લખ્યું નથી, સત્ય જૈન ધર્મ ઉપર અંતઃકરણથી શ્રદ્ધા રાખવી.

પ્રશ્ન—અન્ય ધર્મવાળાઓ એમ કહે છે કે-જીવ મર્યા બાદ કેટલાક દહાડા ઘરમાં બેશી રહે છે તેનું કેમ?

ઉત્તર—જીવ મર્યા બાદ તુરત બીજા શરીરમાં દાખલ થાય છે. ઘરમાં અગર ઘરના નેવામાં રહે છે. એમ કહેવું તે અસત્ય છે. જૈનશાસ્ત્રોમાં તો એમ લખ્યું છે કે-જીવ

તુરત કર્માનુસારે બીજા શરીરમાં દાખલ થાય છે તે વાત સત્ય છે, વિશેષ શંકા વિગેરે થાય તો જ્ઞાની ગુરૂ મહારાજને પુછી સંશય દૂર કરવો.

પ્રશ્ન—કેટલાક લોકો એમ કહે છે કે જ્યારે સર્વ પ્રુથ્વીમાંથી મનુષ્યોનો ક્ષય થશે. ત્યારે પરમેશ્વર ઘોરમાંથી એક સોટી મારી સર્વે ઘોરમાં દટાએલાને ઉભા કરશે, અને તેમનો ઇન્સાફ કરશે ઈત્યાદિ કેમ.?

ઉત્તર—એમ જે કહે છે કે તે યુક્ત નથી. ઘોરમાં જીવ ભરાઈ રહેતો નથી, શરીર પણ માટીમાં મળી જઇ માટી થઇ જાય છે, તો પછી સોટી મારી ઇશ્વર કોને ઉત્પન્ન કરવાનો. અલબત કોઇને ઉભો કરવાનો નહિં. ઘોરમાં મડદાં દાટવાથી, અલબત રોગ પેદા થાય છે, બાળવાથી તેમ થતું નથી.

વળી મડદું વધારે વાર ઘરમાં રાખવાથી

સંજ્ઞીમ પંચેંદ્રિ જીવ ઉત્પન્ન થાય છે. જીવ ઉત્પન્ન થાય તેમ કરવું નહિ જોઇએ. પ્લેગ જેને થએલો હોય એવા મનુષ્યોને દાટવાથી પ્લેગના જંતુ પૃથ્વીમાંથી બાહાર નીકળી ફેલાય છે, બાળવાથી તેમ થતું નથી, વળી સર્વ મનુષ્યોનો ક્ષય થયા બાદ પરમેશ્વર ન્યાહિં આવશે તો પુછવાનું કે— પરમેશ્વર સાકાર છે કે નિરાકાર? જો સાકાર હોય તો દેહધારી થયો. દેહધારીને હાથ, પગ, ભૂખ, તૃષા, ઇચ્છા, રાગદ્વેષ હોય છે, અને જો ઇશ્વર સાકાર હોય તો તેને પરમેશ્વર કહેવાય નહિં. અને જો નિરાકાર હોય તો કદી શરીર ધારણ કરી શકે નહિં, તો ઇન્સાફ વાત ખોટી પડી. કદી એમ કહેશે કે—મહાત્માઓ ઇચ્છા મુજબ મુક્તિપદ પામ્યા પછી ગમે ત્યાં ઇચ્છામુજબ ફરે તો તે વાત પણ અયુક્ત છે. કર્મનો સંપૂર્ણ

નાશ થયા બાદ આત્મા તે પરમાત્મા (મહાત્મા) થાય છે, તેતો મોક્ષસ્થાનમાં રહેછે. એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવાનું પ્રયોજન કંઇ નથી. કારણકે એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવું તેમાં ઇચ્છાની જરૂર છે. મહાત્મા થયા બાદ ઇચ્છાનો નાશ થાય છે, તેથી એકજ ઠેકાણે મહાત્માઓ (સિદ્ધાત્માઓ) રહે છે.

પ્રશ્ન—મર્યા બાદ. નાતવરો કરવો. બારમું, તેરમું, કરવું. મૂછ મુંડાવવી તે શાસ્ત્રનો કાયદો છે કે કેમ?

ઉત્તર—નાતવરો કરવો એ વાત શાસ્ત્રમાં લખી નથી. બીચારાને ઘેર માણસ મરી ગયો તેનો શોક. લેણાદેણાનો શોક. અને વળી તેમાં. પાંચસે-હજાર રૂપૈયાનું વળી બીજું ખર્ચ. કહો કેવો ન્યાય કહેવાય. સારા માણસને જમવું ઘટે નહિ. અને એવા ન્યાત-

વરા કરવા તે મિથ્યાત્વીઓનું લક્ષણ છે, તેથી કાંઇ મુક્તિ મળવાની નથી. ઉલટુ પાપનું ખાતુ બાંધવાનું છે, મરેલાના ઘેર નાત કરવાનું તે દાઝેલા ઉપર ડામ જેવું છે. બીચારાને શોકનો તો પાર નહિ. અને જીવ્હાના લાલચીયો, લહુ જમવા બેશી જાય. કહો કેવી નિર્દયતા. હાલ હિંદુસ્તાન દેશ નિર્ધન થઇ ગયો છે. અને જ્યાં સુધી આવા અરાબ ધર્મવિરૂદ્ધ કામો, શ્રાવક લોકો કરશે ત્યાં સુધી તે દુઃખી હાલતમાં રહેવાના. પોતાનો છોકરો અગર છોકરી પરણાવવાના રૂપૈયા મળે નહીં. અને નાતવરા, કરવા તો તૈયાર શું કરે, જો નાતવરો ના કરવામાં આવે તો પોતાનું નાક કપાઇ જાય. પણ યાદ રાખો કે, ધર્મવિરૂદ્ધ કાર્યથી આ ભવમાં કંગાલપણું, અને પરભવમાં અરાબ અવતાર ધારણ કરવા પડશે. નાત-

વરાથી પુણ્ય નથી. જે નાતવરો કરે છે, કરાવે છે તેઓ ઠીક કરતા નથી જૈનધર્મ ઉપર ખરી પક્કી શ્રદ્ધા હોય તો પછી તેવાં કામ કરવામાં લક્ષ આપવું નહીં.

પ્રશ્ન—જ્યાંસુધી સંસારમાં રહેવું ત્યાંસુધી વ્યવહાર નિશ્ચય સાચવવો જોઇએ. પારકો લુંદો ખાવો અને ખવરાવવો તેમાં શું પાપ છે. જો નાતવરો ના કરીએ તો નાત બહાર રહેવું પડે. બીજાને ત્યાં નાતવરો થાય ત્યારે આપણાથી શી રીતે જવાય.

ઉત્તર—ભાઈ. વ્યવહાર નિશ્ચય સમજવો એ કઠીણ વાત છે. પારકો લુંદો ખાવો ખવરાવવો હાલના વખતમાં ઠીક નથી બીચારો દેવાદાર થઇ ગયો હોય આ વળી નકામો ખર્ચ. કેટલી બીચારાની દુર્દશા. નાતવરો કરવો તેમાં પાપ છે. એતો એક પોતાનો સંસારી ખોટો રીવાજ છે.

આવા ખરાબ રીવાજમાં માણસ શી રીતે સુખી થઇ શકે. મિત્રો. હાલના સમયને અનુસરી આવા રીવાજ સારા નથી. નાત-વરો કરે નહિ. તેને નાત બહાર મુકવો. એ મૂર્ખાઓનુ કામ છે. જયાં સુધી નાતના ઉપરી શેઠીઆઓ આવા ખરાબ રીવાજને માન્ય કરશે, ત્યાં સુધી દુ:ખી હાલતમાં રહેવાના મિત્રો, મારે કંઇ કોઈના ઉપર રાગ નથી, કે દ્વેષ નથી, પણ જેમ મને ઠીક ભાસે છે તેમ લખ્યું છે. જે સત્ય માનશે તે બહાદુરોને ધન્ય છે. અને જેને અજ્ઞાનના પડદા લાગી રહ્યા છે તે નહિ માને તો તેમનું નશીબ. જે સત્ય લાગે તે કહેવું જોઇએ. ભલે કોઇ ખરાબ માણસ નિંદા કરે, તેથી કંઇ નિંદા લાગતી નથી. ઉલટા નિંદા કરનાર પાપથી ભારે થઈ દુર્ગતિમાં પડશે. અને રૈરવ દુઃખ ભોગવશે. અમારે

કંઈ નાત જમાડવામાં ખર્ચ થાય છે, તેથી લખવું પડ્યું છે. એમ સમજશો નહિ. જે સત્ય ભાસ્યું તે લખ્યું છે. બીજાને ત્યાં નાત હોય ત્યાં અલબત આ વાત સત્ય જાણનારે જવું નહિ. મરનારની પાછળ મૂંછ મુંડાવવી. એ પણ કંઇ જૈન શાસ્ત્રમાં લખ્યું નથી. તેથી ઉલટો વર્તે તેનુ કૃત્ય તે જાણે.

પ્રશ્ન—ત્યારે મરનારની પાછળ નવકારશી તો કરવી કે નહિ.

ઉત્તર—હા કરવી જોઇએ. તેથી ઘણો લાભ થાય છે છતી શક્તિ ગોપવવી નહિ. અને દેવું કરી નવકારશી કરવી નહિ, નવકારશી કરો. અગર ધર્મના પુસ્તક લખાવો, જીર્ણોદ્ધાર કરાવો. ઉપાશ્રય બંધાવો તેથી ધર્મ થાય છે, જે કામ કરવાથી ઘણો લાભ થાય. તે કામ કરવું જોઇએ.

પ્રશ્ન—પતરાળામાં જમવું કે નહિં ?

સામો પ્રશ્ન—ઠીબમાં જમવું કે નહિ ?

ઉત્તર—તેમાં કેમ જમાય.

સામો ઉત્તર—ત્યારે તેમાં કેમ જમાય. કારણ કે તાંબાપીતળ, કાંસાના વાસણ છતે પતરાળામાં ખાવું તે અયોગ્ય છે, થાળી અગર વાડકામાં જમવાથી જીવની હિંસા થતી નથી. અને પતરાળામાં એંઠ ભરાઈ રહેછે. તે એંઠ ખાવા કીડીઓ આવે છે. તેથી તે જીવોનો નાશ થાય છે. કારણકે તે એંઠાં પતરાળાંને ગધેડાં ખાય છે, ત્યારે પેલી ભરાઇ રહેલી કીડીઓ પણ ગધેડાના પેટમાં જાય છે. અગર પતરાળા ઉપર કોઇનો પગ આવવાથી તે મરી જાય છે, કોઈ વખત ઉનાળામાં પતરાળામાં જમવા બેઠા હોય અને મહા વાયુથી ધૂળ કાટે ચડે તો ધૂળથી પતરાળાં ભરાઈ જઇ ભોજન બગડે

છે. વાસણમાં હોય તો વાસણ ઉપર લુગડું ઢાંકીએ તો ફાવી શકતું નથી.

પ્રશ્ન—વાસણમાં જમવાથી વાસણ ઊનું થવાથી હેઠળના જીવો નાશ પામે, અને પતરાળુ ઉનું થતું નથી તેથી જીવ નાશ પામતા નથી.

ઉત્તર—હેઠળ પાટલો અગર પથ્થરના કકડા અગર ઇંટ રાખી ઉપર વાસણ મુકી જમવાથી જીવ ચઢી સકતા નથી અને ખાતી વખતે પતરાળામાં કીડો વિગેરે ચઢે તો તેને દુર કરવી મુસ્કેલ પડેછે. કારણ કે પતરાળામાં ભરાઇ રહેછે; છતાં સોપારીની જોગવાઇએ સોપારી મુકી આંબલીનો કચુકો ખાવો તે ઠીક નહિ. જેને વાસણ મળતાં નથી, તે બીચારા ભીખારીઓ પતરાળામાં અગર પાંદડામાં ખાય તો તેને આપણે શું કરીએ.

પ્રશ્ન—પહેલાંના ઋષિયો પતરાળામાં

ખાતા હતા. તેથી આપણે તેમ કરીએ તો શું ખોટું.

ઉત્તર—પહેલાંના ઋષિયો સ્ત્રીનો ત્યાગ કરતા હતા અને જંગલમાં રહેતા હતા, તેમ સંસારનો ત્યાગ કરી આપણે પણ વગડામાં રહીએ તો શું ખોટું. વળી દરરોજ વાસણમાં ખાવું, અને એક દીવસ પતરાળામાં ખાવું તેથી શો લાભ છે.

પ્રશ્ન—ત્યારે બ્રાહ્મણો કેમ પતરાળામાં ખાય છે.

ઉત્તર—બ્રાહ્મણો તેમના મત પ્રમાણે કર્યા કરશે. શું તમો પણ તે કરે તેમ કરવા ધારોછો? તમારા જૈન ધર્મ પ્રમાણે તમો કરો બીજાની તમારે શી પંચાત. તીર્થંકર ભગવાન કંઇ પતરાળામાં વાપરતા નહોતા. જૈનના ઋષિયો સાધુ તરીકે થઇ ગયા છે, અને હાલ છે. તેમનું અનુકરણ કરવું હોય

તો પહેરો સાધુનો વેષ કરો સંસારનો ત્યાગ અને વાપરો પાતરાંમાં કોઇ ના કહેછે, પહેલાંના શ્રાવકો પતરાળામાં વાપરતા નહોતા જો કે જૈન કોમમાં કોઇક નાતમાં આવો રીવાજ હોય છે. તેને ઉદ્દેશીને આ લખ્યું છે.

પ્રશ્ન—મરણ બાદ સાજીયાં લેવાં કેટલાક મહીના સુધી રૂદન કરવું તેનું કેમ?

ઉત્તર—સાજીયાં લેવાં, ચકલે ચકલે બધી સ્ત્રીઓ ભેગી થઇ છાજીયાં લેછે. તે સર્વે મોહ છે. શાસ્ત્રી પ્રમાણે વર્તવાની ઇચ્છા હોય તો એવો અવિવેકી રીવાજ હદ બાહાર થાય છે. તે અટકાવવો જોઇએ, અને તે પ્રમાણે વર્તવું નહિ.

ગાડરીયો પ્રવાહ છે, છાજીયાં લેવાથી ધર્મ નથી, રો કકળ કરવા તે પણ મોહનીકર્મનો ઉદય છે, તેથી કર્મનો બંધ થાય છે, જો સ્ત્રીનો પતિ મરી જાય, તેને ધર્મ ઉપર શ્રદ્ધા

રાખવી, અને અત્યંત રૂદન કરવું નહિં. કેટલીક બાઈડીયો એવી છે કે—જેનો ધણી મરી ગયો, તેને અત્યંત કુટવામાં ઉશ્કેરણી કરેછે તે ઠીક નથી, જેનો પતિ મરણ પામ્યો તેને દીલાસો આપવો તે ઠીક છે.

રોગ ધીરજથી સહન કરવો, જ્યાં સુધી અશાતા વેદનીયનો ઉદય છે, ત્યાં સુધી અશાતા ભોગવવી પડશે. મૃત્યુ વખતે ગભરાવું નહી, અને સંસારી કોઇ વિષય ઉપર મુર્છા રાખવી નહિ, ૧ અરિહંત સરણ ૨ सिद्ध शरण ३ साधु सरण ४ केवली कथित धर्म. એ ચાર શરણ મને થજો, આ ભવમાં અને ભવોભવ સંબંધી જે કોઇ ત્રસ થાવર જીવની હિંસા કરી હોય, કરાવી હોય, અને કરતાને વખાણ્યો હોય તે સંબંધી મિચ્છામિદુક્કડં દઉછું, અસત્ય વચન બોલ્યો હોઉં ચોરી કરી હોય, અભક્ષ સેવન કર્યું હોય,

પરિગ્રહ સંબંધી મમતા ધારણ કરી હોય, તેનો મિચ્છામિદુક્કડં દઉછું, અઢાર પાપ સ્થાનક સેવ્યાં હોય સેવરાવ્યાં હોય, અને સેવતાને વખાણ્યા હોય તેનો મિચ્છામિદુક્કડં દઉછું, કુદેવ, કુગુરૂ અને કુગુરૂને ધર્મની, બુદ્ધિએ માન્યા હોય તેનો પશ્ચાતાપ કરૂછું, દેવ દ્રવ્ય ભક્ષણ કર્યું હોય તેનો પશ્ચાતાપ કરૂછું, સાધુ મહારાજની નિંદા હીલના કરી હોય તે નિંદુછું, વીતરાગ ધર્મ વિના અન્ય ધર્મ સેવ્યો હોય તે નિંદુછું.

હું સર્વ જીવને ખમાવુંછું સર્વ જીવો મને ખમાવો, સર્વ જીવો સાથે મૈત્રી ભાવ ધારણ કરૂછું.

આ ભવ અને પરભવમાં મન સંબંધી, વચન સંબંધી, અને કાયા સંબંધી જે કાંઇ પાપ સેવ્યું હોય, સેવરાવ્યું હોય. સેવતાને વખાણ્યો હોય, તેનો મિચ્છામિદુક્કડં દઉછું.

માણસ જયારે ધણી મરવાની તૈયારીમાં હોય. ત્યારે નવકાર મંત્ર સંભળાવવો; તેવા સમયે ધૈર્ય હિંમત ધારણ કરવી. સમાધિ મરણ થવું તે ઘણો પુણ્યોદય હોય તો થાય છે.

એક આત્મા શાસ્વતી વસ્તુ છે. અનાદિકાળથી સંસારમાં જન્મ મરણ થયા કરે છે. માટે સગાવહાલાંના મરણથી શોક કરવો નહીં ધર્મનું આરાધન કરવું, ધર્મ તેજ સાર છે. સંસારમાં સારમાં સાર જૈન ધર્મ છે. વારંવાર જૈન ધર્મ મળતો નથી. માટે ધર્મ સેવનમાં હે ભવ્ય લોકો પ્રમાદ કરશો નહિ. ધર્મ સાધન કરવાથી ઉત્તરોત્તર મોક્ષ લક્ષ્મીને પ્રાપ્ત કરશો.

इत्यलं विस्तरेण.

## દુહા.

### અંત્ય મંગલમ્.

શોક વિનાશક ગ્રંથ એ, પૂર્ણ થયો સુખકાર;
પઢશે, ગુણશે, જે ભવી; તે લહેશે ભવપાર. ૧
શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ તેહ તણા સુપસાય;
ભાવજનના હિત કારણે ગ્રંથ કીયો હિતલાય. ૨
જ્યાં લગે શશિ સુરજ રહે જગમાં કરે પ્રકાશ;
ત્યાંતક ગ્રંથ એ સ્થીર થઇ ભવિમનકરજોવાસ. ૩
નગર પાટણ શોભતું શાંતિનાથ જયકાર;
તેહ તણા ચરણે નમી ગ્રંથ કીયો હિતકાર. ૪
સંવત ઓગણીશ ઉપરે ઓગણસાઠની સાલ;
પોશ શુકલ પંચમી દીને રચતાં મંગલમાળ. ૫
શ્રી સુખસાગરજી ગુરૂ પામી પૂર્ણ પસાય;
બુદ્ધિ શિવ સુખ સંપદા પરમાતમ પદ પાય. ૬